# શ્રી જૈન પ્રશ્નોતર રત્નમાળા.

## પ્રથમ ભાગ.

સંસોધન કરીને છપાવી પ્રસિદ્ધ કરનાર.

શેઠ હરિલાલ મુળચંદ અમદાવાદી

તથા શેઠ કેશવલાલ જેએચંદ.


અમદાવાદ.

ધીકાંટે ધરમોજય પ્રીન્ટીંગ પ્રેસમાં

સાંકળચંદ અંબારામે છાપ્યું.

વિક્રમ સં. ૧૯૫૪ સને ૧૮૯૮




કીંમત રૂ ૦-૪-૦ ટપાલ ખરચ જુદુ.

૬૮૯૬

# અમારા તરફથી નવા પુસ્તકો પ્રગટ થવાના છે તેની ઇયાદી.

જૈનપ્રશ્નોતર રત્નમાળા ભાગ બીજો.

મલ્લીનાથ ચરીત્ર.

પુજાવિધી (એટલે જીનેશ્વર ભગવાનની પુજા કેવી રીતે કરવી તેની ખુલાશાવાર હકીકત સાથે.

## તૈયાર છે.

| | |
|---|---|
| જૈનપ્રશ્નોતર રત્નમાળા પ્રથમ ભાગ | રૂ૦–૪–૦ |
| ચંદરાજાનો રાસ. | રૂ૧–૨–૦ |
| ચંદ્રસેખરનો રાસ | રૂ૧–૮–૦ |
| કુમારપાલનો રાસ. | રૂ૧–૨–૦ |

એ શીવાય હરેક જાતનો માલ કમીશનથી વેચી આપીએછીએ. વેચવા મોકલનારે કમીશનનો પ્રથમથી ખુલાશો કરવો. તેમજ હરેક જાતના પુસ્તકો વીગેરે મારી પાસેથી મલશે; માટે એક વખત મંગાવી ખાત્રી કરવી. બુકોનું લીસ્ટ તૈયાર છે. અડધા આનાની ટીકીટ મોકલવાથી મફત મોકલવામાં આવશે.

લી. હ. મુ. અમદાવાદી.

# अर्पण पत्रिका.

અમદાવાદ તા૦ ૧૮-૫-૯૮

કદરદાન સર્વ ગુણાલંકૃત બાબુજી સાહેબ જવેરી. અમીચંદજી પનાલાલજીની સેવામાં

મુ. મુંબાઇ બંદર.

જત લખવાનું કે મારા અવગુણોની ગણના ન કરતાં, તથા મારાથી આપને ઉપજેલી વેદનાને ઉરમાં ન ધરતાં, ઉલટી આપ મારા ઉપર અતિ મમતા રાખો છો? એવી આપમં સહન શીળતા જોઇ. તથા મારો ઉદ્ધાર કરવામાં આપની ઉદાર વૃતી દેખી, આપનું નામ અમર રાખવા અને આપના મારા ઉપર થયેલા ઉપકારોનું સમરણ રાખવા આ લઘુપોથી અતિ આનંદથી આપને અર્પણ કરૂં છું તે સ્નેહ સહીત સ્વીકારી શેવકને કૃતાર્થ કરશો.

લી. આપનો સદાનો તાબેદાર તથા

ચરણાન શેવક.

શેઠ હરીલાલ મુળચંદ અમદાવાદીના

જયજીનેંદ્ર વાંચશોજી

# પ્રસ્તાવના

પ્રિય વાચક વૃંદો, આ પુસ્તક સુ સાધુ સાથે સંગ રાખનાર પાસેથી અતિ ખુસામત કરી મેળવેલું છે. તે જને પ્રસંગો પાત પોતાના મનને સંકલ્પ ઉત્પન્ન થયેલા તેનો ખુલાસો મેળવી સંગ્રહ કરેલો છે. વાંચતાજ સર્વ જૈન બંધુઓના કર કમળ શોભાવવા અને હીતાર્થે માટે છપાવવું વ્યાજબી જણાયાથી તે સદગૃહસ્થની પરવાનગી મેળવી છપાવેલું છે. તેમાં દ્રષ્ટી દોષને લીધે જે કાંઈ ભુલ માલમ પડે તેનો સર્વ પ્રતે મીછામી દુકડ માગું છું. આ પુસ્તકની અંદર જે જે ભુલ માલમ પડે તે તે સુધારી શેવકપર લખી મોકલવા કૃપા કરશોજી જેથી આવતી આવૃતીમાં સુધારી છપાવવા ઉપયોગમાં આવે

આ પુસ્તક છપાવતાં સંસારીક અનેક અડચણો આવવાથી વિલંબ થયો છે, તે સુગ્ન જનો માફ કરશોજી.

લી. પ્રસિદ્ધ કર્તા.

# श्री जैनप्रश्नोत्तर रत्नमाला.

પ્ર—સમકિતના લક્ષણ કીયા ?

ઉ—૧સાસનની પરભાવના કરવી. ૨તિર્થે જાત્રા કરવી. ૩જૈન ધર્મની ઉન્નતી કરવી.

પ્ર— સમકિતને દુષણ શાથી લાગે ?

ઉ—૧જીનવચનને વિશે શંકા કરવી. ૨કં-ખા એટલે પરધર્મની વંચ્છા અભિલાખ કરવો. ૩વિગિચ્છા એટલે ધરમના ફળનો સંદેહ કરવો.

પ્ર—જીવ હિંશા શાથી ન કરવી ?

ઉ—સર્વ પ્રાણિયોને પોતાનુ જીવતર વલ્લભ છે માટે.

પ્ર—સંસારમાં જીવ શાથી રોળે છે. તથા પુર્વધર શાથી નિગોદમાં જાય છે ?

ઉ—પાંચ પ્રમાદથી.

પ્ર—પાંચ પ્રમાદ કીયા કીયા ?

ઉ—૧મદ. ૨નિંદ્રા. ૩વિકથા. ૪કષાય. ૫પંચેંદ્રીના વિષય ભોગ.

પ્ર—મદના કેટલા પ્રકાર છે ને તે કીયા કીયા?

ઉ—મદ આઠ પ્રકારના છે તેનાં નામ. ૧જાતી. ૨કુળ. ૩બળ. ૪રૂપ. ૫તપ. ૬ધન. ૭વિદ્યા. ૮લાભ.

પ્ર—નિંદ્રા કેટલા પ્રકારની છે અને કઇ કઇ?

ઉ—પાંચ પ્રકારની, તેનાનામ; ૧નિંદ્રા (એક વારે બોલાવે ઉઠે). ૨નિંદ્રા નિંદ્રા (ઘણી વારે બોલાવે ઉઠે.) ૩પ્રચલા (બેઠા બેઠા ઉંઘે.) ૪પ્રચલા પ્રચલા (હીંડતા હીંડતા ઉંઘે). ૫થીણનિંદ્રી. (છમાશે આવે, આ નિંદ્રા જેને હોય તે જીવ નરકમાં જાય છે.)

પ્ર—વીકથા કેટલા પ્રકારની છે અને કઇ કઇ?

ઉ—સાત પ્રકારની છે, તેના નામ. ૧રાજકથા. ૨દેશકથા. ૩સ્ત્રિકથા. ૪ભગતકથા. ૫મદુકારણી એટલે રોવું વીગેરેની કથા ૬સમકીત ભેદની કથા. ૭ચારીત્રકથા.

પ્ર—વિષય કેટલા પ્રકારના છે,ને તે કીયાકીયા?

ઉ—ત્રેવીશ પ્રકારના, તેના નામ. ચક્ષુઇંદ્રી, (૧કાળો. ૨પીળો. ૩લીલો. ૪ધોળો. ૫રાતો.) શ્રોત્રેંદ્રી. (૬જીવ શબ્દ. ૭અજીવ શબ્દ. ૮મીશ્ર શબ્દ) ઘ્રાણેંદ્રી. (૯સુગંધ. ૧૦દુરગંધ) રસેંદ્રી. (૧૧હ-

ળવું. ૧૨ભારે. ૧૩સુંવાળું. ૧૪ખરસટ. ૧૫લુખું-
૧૬ચોપડયું. ૧૭તાલાકું. ૧૮ઉનું.) રસેંદ્રી. (૧૯
ખાટું. ૨૦ખારૂં. ૨૧તીખું, ૨૨કડવું. ૨૩કસાંએલું.)

**પ્ર—કષાય કેટલા પ્રકારનાછે, નેતે કીયા કીયા?**

**ઉ—સોળ પ્રકારના, તેના નામ. ૧અનુતાન બંધી. ૨પ્રત્યાખાની. ૩અપ્રત્યાખ્યાની, ૪સંજળ** (ક્રોધ, માન, માયા, નેલોભ, એ પ્રમાણે ચારેના. ૧૬સમજવા.)

**પ્ર—સામાયક એટલે શું ?**

**ઉ—૧સર્વ વેપારને છોડીને સમતા ધરવી તે. ૨આરત ધ્યાંન તથા રૂદ્ર ધ્યાંનને ત્યાગવું. ૩ સમ ભાવ રાખવો. ૪બત્રીશ દોષથી દુર રહેવું.**

**પ્ર—સામાયક વખતે શું શું ચીજ જોઇએ ?**

**ઉ—૧આચાર્યજી અથવા પુસ્તક પ્રમુખની સ્થાપના. ૨ચવળો. ૩કટાસણુ. ૪મુહુપતી ૫ઘડી રેતીની અથવા ઘડીઆળ. તેમાં ચવળો હોય તો ઉત્તમ. ન હોય. તો સામાયકમાં હરકત ન આવે.**

**પ્ર—સામાયક કેટલા વખત સુધી કરવું ?**

**ઉ—જઘનમાં જઘન બે ઘડી સુધી.**

પ્ર—સામાયકમાં શું શું કરવું, તથા શું શું ન કરવુ?

ઉ—૧સમભાવ રાખવો. ૨આતમ ભાવમાં રહેવું. ૩કોઇની નીંદા અથવા પ્રસંસા ન કર વી. ૪સ્વજન અથવા પરજનનું માન અપ માન ન કરવું. ૫ઘર સબંધી તથા વેપાર સ બંધી કથા વારતા ન કરવી.

પ્ર—વિરતિ એટલે શું ?

ઉ—ખટકાયની હીંશાથી વીરામ પામવું તે.

પ્ર—અવિરતિ કોને કેહેવો ?

ઉ—હીંસામાં જે જીવ રહે તે.

પ્ર—સજનતાનું શું લક્ષણ છે ?

ઉ—૧ઉપકાર કર્યો હોય અથવા અપકાર કર્યો હોય તોપણ તે તો ઉપકારજ કરે. ૨માતા પીતાદીક અથવા ઇતર ઉપર કરૂણા રાખે.

પ્ર—મોહ કોને કહેવો?

ઉ—અજ્ઞાનતાથી કલ્પિત સુખને સ્વર્ગના સુખ સમ માનવું તે.

પ્ર—અનુકંપાદાન કોને કહેવું?

ઉ—દીન દુ:ખીને, અથવા લાચારી, કે જે;

નાથી અવસ્તાને લીધે. અથવા અંગની કઇ ખામીને લીધે. હરીફરી શકાય નહીં; તથા જોઇ શકાય નહી, તથા કાંઇ પણ કાર્ય કરી શકાય નહી, તેવાને. તથા કોઇ ગ્રહસ્થ હોય અને કર્મ સંજોગથી દરિદ્રતા આવી હોય તેવાને અન્ન વસ્ત્રાદિક વીગેરે આપવું તે.

પ્ર—સંવેગ કરૂણા કોને કેહેવી?

ઉ—કર્મ થકી મુકાવવાને અપરને ધર્મનો ઉપદેશ કરવો તે.

પ્ર—સામાન્ય પ્રતિકાર કોને કહેવો?

ઉ— સર્વ જીવોની ઉપર કરૂણા ભાવ રાખવો તે.

પ્ર—સત પુરૂષના કેટલાં લક્ષણ છે, ને તેના નામ?

ઉ—ત્રણ. ૧પરનુ દુષણ દેખી દ્વેષથી ના કહે. ૨સમકીત ગુણ પોતામાં અલ્પ હોય તો તેની પ્રસંસા ન કરે, પણ બીજામાં એ પ્રમાણ હોય તો તેની પ્રસંસા કરે. ૩પારકી રીધ્ધી દેખીને સંતોષ પામે ને દ્વેષ તથા ચીંતા કરે નહિ.

પ્ર—રીધ્ધીના કેટલા પ્રકાર છે; ને તેના નામ?

ઉ—બે. ૧દ્રવ્ય અને ૨ભાવ.

પ્ર—દ્રવ્ય કોને કહેવું?

ઉ—લક્ષ્મી.

પ્ર—ભાવ રીધ્ધી કોને કેહેવી?

ઉ--૧જ્ઞાનાદીક ગુણ. ૨પરની પીડા દેખી ને દીલગીરી ઉપજે. ૩કરૂણા થાય. ૪મીત્રાઇ ભાવ કરે. ૫પોતાની પ્રસંસા ન કરે. ૬લાધા ન કરે. ૭ન્યાય માર્ગે ચાલે એટલે ઉચીત અનુચીત જાણીને પ્રવર્તે. ૮કડવું વચન સાંભળીને ક્ષમા કરે. એટલા બધા ગુણ સત પુરૂષમાં હોય.

પ્ર—બાળ મુઢ કોને કહેવો?

ઉ--૧અજ્ઞાની. ૨મ્રષાવાદી. ૩સાત વ્યસનાદી સેવનાર વીગેરે ખરાબ ગુણવાળાને.

પ્ર- હીંસા એટલે શું?

ઉ--૧જીવનો વધ કરવો. ૨કોઇ જીવને દુભાવવું.

પ્ર—પીશુન એટલે શું ?

ઉ— ૧પરના દોષ દેખાડવા. ૨ચાડી કરવી.

પ્ર—સર્વ દુખનું કારણ શું?

ઉ—મીથાત્વ.

પ્ર—શું કર્યાથી આરંભ લાગે?

ઉ—જીવને ઉપદ્રવ એટલે પરિતાપ ઉપજાવવાથી.

પ્ર—અતત્વ કોને કહીએ?

ઉ—વીતરાગની સરધા ન કરે.

પ્ર—સર્વ પાપમાં મોટું પાપ કીયું.

ઉ—સુત્રનુ ઉથાપક કરવું?

પ્ર—મોટામાં મોટું પુન્ય કીયું?

ઉ—સુત્રને માનવું. તથા તે મુજબ વર્તવું.

પ્ર—ધરમી કોને કહેવો?

ઉ—૧ઉદારપણું. ૨નીપુણપણું. ૩પાપની નીંદા કરનાર. ૪નીરમળ બોધવાળો. ૫લોકને પ્રીય એટલા લક્ષણવાળાને.

પ્ર—જીનનું આગમ ખંડયું કયારે કેહેવાય?

ઉ—જીન આણાને ભંગ કરવી તે.

પ્ર—વિતરાગનો ધરમ શાથી ન પમાય?

ઉ—મિથ્યાત્વ મોહની રાખવાથી.

પ્ર—દ્વેષ શાથી ઉત્પન્ન થાય છે?

ઉ—પાપનો ઉદય થવાથી.

પ્ર—વિતરાગની આજ્ઞા રહીત ધર્મ કરેથી શું ફળ થાય?

ઉ—નીચી ગતિને પામે.

પ્ર—આણા રહિત ધર્મ કરવાથી શું થાય?

ઉ—કાંઇ ધર્મ કરીએ તે લેખે નહીં લાગે, ને ઉલટુ પાપ બંધાય.

પ્ર—કેવા લોકને દેવકા દ્રવ્ય ધીર્યાથી અનંત દુઃખને તથા અનંત સંસારને વધારે?

ઉ—૧કશાઇ. ૨મચ્છી. ૩ચામડીઆ. ૪વેશ્યા. ૫કળાઓના કરનાર વીગેરે હીશંક તથા નીચ ધંધાદારીને.

પ્ર—જીન સાસનની પ્રથી કરનાર, તથા જ્ઞાન, દર્શન, ચારીત્ર વીગેરેની ઉન્નતી કરનાર શાથી અનંત દુઃખનો ભોગતા થાય?

ઉ—દેવકા દ્રવ્ય ખાધાથી.

પ્ર—ચૈત્ય દ્રવ્ય તથા સાધારણનું દ્રવ્ય નઠારી બુધ્ધીથી બગડવામાં ધર્મજાણે તેને શું ફળ મળે?

ઉ—નરક ગતીનો ભોગતા થાય.

પ્ર—દેવ દ્રવ્યને ઉવેખી નાખનાર કેવો થાય?

ઉ--૧પ્રજ્ઞા કહેતા બુદ્ધી હીણ થાય. ૨પાપ કર્મથી લેપાય.

પ્ર—સંસારમાં પરીભ્રમણ શાથી થાય?

ઉ—૧દેવ દ્રવ્યની ઉપજ ખાઇ જાય. ૨દેવ દ્રવ્ય તથા અપર દ્રવ્ય લઇને પાછું ન આપે. ૩ દેવદ્રવ્ય નાશ પામતું ઉવેખી નાંખે ને પોતે સંભાળે નહીં ને કહે જે આપડે એકલા શું કરવાને માથે લઇએ. એવું સમજ્યાથી જરૂરા જરૂર દુખી અને અનંત સંસાર ભ્રમણાતા ને પામે.

પ્ર—મુનિરાજથી દ્રવ્ય સંભાળાયકે નહી?

ઉ—ના. જો સંભાળે તો અનંત સંસારમાં રઝળે.

પ્ર—દેવ દ્રવ્ય ભક્ષણ કરનાર, તે પાપથી કયારે મુક્ત થાય?

ઉ—મુડી તથા વ્યાજ દોકડે દોકડો બરાબર આપે તો તે દેવામાંથો મુક્ત થાય, ને તે પાપ થી રહીત થાય.

પ્ર—કેવી રીતે દેવ દ્રવ્ય ન વધારી શકાય?

ઉ—૧ઠગાઇ કરીને. ૨ખરાબ કૃત્ય કરનારને ધીરીને.

પ્ર—કીયા જીવો હળવા કર્મી થાય ?

ઉ—૧જ્ઞાન દર્શનની વૃધ્ધી કરનાર. ૨દેવ દ્રવ્ય, સાધારણ દ્રવ્ય, એટલાની જીન આણા સહીત વૃધ્ધી કરનાર.

પ્ર—નિરમળ ભાવવાળો કેવી રીતે ધર્મ કરણી કરે ?

ઉ—વીવેકથી.

પ્ર—કેવાને ઉપદેશ લાગતો નથી?

ઉ—ખોટો કદાગ્રહ પકડયો છે તેવાને ભોળા પ્રાણી ઉપદેશ કરે છે, જેમ ચામડુ ખાનાર કુતરાના મોહોમાં કપુર નાંખેથી કુતરો કપુરનો સ્વાદ જાણતો નથી. તેમ કદાગ્રહીને ઉપદેશનો સ્વાદ આવતો નથી.

પ્ર—કદાગ્રહી કોને કહેવો ?

ઉ—૧સીદ્ધાંત ઉપરાંત ચાલે. ૨સ્વમતી કલ્પીત પોતાના માનના અર્થે અસત્ય થાપે. ૩પોતાની વાત કાયમ રાખવાને પોતાના મ-

નના અનુષ્ઠાન કરે, એવો જેને કદાગ્રહ રૂપી ભુત વળગ્યો છે તેને કદાગ્રહી કહેવો.

પ્ર—ઉપદેશ કેવા જનને કરવો ?

ઉ—૧જેની મતી શાન્તી પામતી નથી તેને શાસ્ત્રના ઘહન પરમાર્થ દેખાડવાથી. જેમકે ચઢતા તાવવાળાને ઓસડ આપવું નિર્થક છે. તેમ જેનુ મન શાંત નથી તેવા જનને ઉપદેશ કરવો નિર્થક છે. ૨મુર્ખને ઉપદેશ કરવો એ કષાયનું મુળ છે. જેમ સરપને દુધ પાવા બરાબર છે. ૩મુર્ખને હીતોપદેશ દેવો તે કોપનું સ્થાન રોપ્યા બરાબર છે. જેમ સુગ્રીવે વાનરને ઉપદેશ કર્યો તેથી સુગ્રીવનું ઘર વાનરે ભાગી નાખ્યું, વળી જેમ વેઢાવાળુ લાકડું સુતાર કાપવા જાય તો તે કપાયાના બદલે કોવાડો બુઠો થાય. પણ જ્યારે તેનામાંથી લીલાશ સુકાઇ જાય ત્યારે સહેજથી કપાય છે; તેમ કદાગ્રહી રૂપી લીલાશ સુકાઇ જાય, ત્યારે વાણી રૂપી કુવાડાનું કાર્ય સફળ થાય.

પ્ર—પરમ તત્વ પુરૂષમાં લક્ષણ કેવાં હોય ?

ઉ—૧પાંચ ઇંદ્રીના ત્રેવીશ વિષયને જીતે. ૨

ત્રશના, પીપાસા, દ્રષ્ટી રાગ, તથા પરપાખં
ડીના ધર્મમાં મુઝાય નહીં એવા લક્ષણ.

પ્ર—કહેવા જનને ક્રોધનો ઉદય થતો નથી?

ઉ—૧અરિહંતના પ્રવચનનો હૅશ. ૨વૈરાગ
અમરત રસથી ભરેલો.

પ્ર—કેવા પુરૂષનો રોષ, ક્ષમાનો ભંડાર છે?

ઉ—૧અજોગને દેશના કરવાને ના કહે. ૨
શીષ્યના પ્રમાદને દુર કરનાર. ૩સુત્રને અ-
નુસારે બોલનાર. ૪જ્ઞાની. ૫સુત્રીનું તાડન.

પ્ર—અવિનયીને માર્ગમાં લાવવા માટે શું
ઉપાય કરાવે?

ઉ—તેની ઇચ્છાવીણ વિનય કરાવવો, હરેક
પ્રકારે સમજાવીને. જેમ જાતીવંત ઘોડો, પોતા
ની મેળે સમજે છે, તેમ જાતીવત શીષ્ય પો-
તાના મેળે વિનય કરે છે.

પ્ર—ગુરૂને શીષ્ય પ્રત્યેનો શાથી દોષ લાગે?

ઉ—સારણ, વારણ, ચોયણ, પડી ચોયણા
દીક ઉપદેશ ના કરે તો.

પ્ર—ગુરૂ, શીષ્યનો સંભાળ ન કરેતો શો દોષ
લાગે.?

ઉ—સરણે આવેલાનું માથુ કાપવા બરાબર પાપ લાગે.

પ્રે—ગુરૂ શાથી સંસારમાં શીથલ થઇ હુબે?

ઉ—શીષ્યના દોષ પરગટ ના કરે તો.

પ્ર—મીથ્યાત્વીને શું મુસ્કેલ છે?

ઉ—મોક્ષ ધર્મનું ફળ.

પ્ર—જીન સાસનનું મુખ્ય ફળ શું છે.?

ઉ-આતમીક સુખ, જેમ સર્વ ગીરીમાં મેરૂ મોહોટો, દેવતામાં ઈંદ્ર મોટો, ગ્રહમાં ચંદ્ર, દેવમાં તિર્થંકર. તેમ સર્વ ધરમથી સમકીત શ્રેષ્ટ છે.

પ્ર-નીખેપા કેટલા પ્રકારના છે?

ઊ-સાત પ્રકારના, તેના નામ. ૧નામ. ૨ થાપના. ૩દ્રવ્ય. ૪આદેશ. ૫નીરવીશેશ. ૬ ભાવ.૭.

પ્ર-વીતરાગના મારગની રૂચી કયારે થાય ?

ઊ-મોહરૂપી મદીરા ઉતરે ત્યારે, જેમ તાવ ઉતરે ભોજનની રૂચી થાય. તેવી રીતે વીતરાગના મારગની વીધીની રૂચી થાય.

પ્ર-પંડીત કોને જાણવા ?

ઊ-જૈનધર્મની કળા જાણી તેને.

પ્ર-કયું રત્ન જાણવું દુર્લભ છે?

ઊ-અરિહંતના સાસનની પ્રદ્ધી રૂપી સમકીત રત્ન.

પ્ર-મોક્ષ શાથી થાય ?

ઊ-જ્ઞાન તથા કીયાથી.

પ્ર-કહ્યું સમકીત જાયતો સર્વ જાય ?

ઊ-ભાવ સમકીત.

પ્ર-વિધી રત્ન જ્ઞાનપણું કયારે થાય ?

ઊ—ચર્મ એટલે છેલ્લા ભવમાં સમકીત પામે ત્યારથી અશંસે જાણપણું થાય.

પ્ર—વિધી રત્ન જ્ઞાનપણુ કોણ જાણે ? તથા સાધુઓ પોતાની પ્રશંસા કરવા માટે શું કરે?

ઊ—પુણ્યવંત પ્રાણી જાણે, પણ તેની પરૂપણા કરવી મુસ્કેલ છે, કારણ કે મીથ્યાત્વી જૈનાભાસ પ્રવાહી મારગી લોકનું જોર હળાહળ જેહેરની પેઠે દસે દીશામાં ફેલાઇ ગયું છે. દસમું આસચીર્પ કુલીંગીનું ઠામે ઠામ વ્યાપવું થયું છે; તેથી તેમના વચન સાંભળીને વીખમાં ગળી ગયેલા નાના પ્રકારના દોષ કરી

મલીન થાય. તાડના વીગેરે કરવા થકી વિ-
સુધ સમકીત કેહેવાનું દુરલભ થાય છે. તે લી
ગી ઉતસુતરીઓએ પોતાના ભોગને અને મા
નને તથા જસને વાસ્તે તથા પોતાના વશ
રાખવા માટે નવા ગચ્છની સ્થીતી બાંધે.

પ્ર—સંસાર એટલે શું ?

ઉ—ચોરાશી લાખ જીવાયોનીમાં જનમ
મરણ કરવું તથા સુખ દુઃખ ભોગવવું તે.

પ્ર—સંસાર દુઃખથી કોણ મુકાવે ?

ઉ—૧સદગુરૂ. ૨વેહેવારમાં નીશ્ચય હોય તો
પોતાનો આતમા મુકાવે.

પ્ર—કર્મ શાથી બંધાય, તથા સંસાર ભમવા
નું મુળ શું?

ઉ—૧પુદગળને વીશે અહંકાર ભાવ લાવ્યા
થી. ૨વિષયાભિલાષથી. ૩લશના તથા ઇચ્છા
થી. ૪અજ્ઞાન દશાથી. ૫રાગ દ્વેશથી. ૬રતી
અરતીથી. ૭આરત રૂદ્રધ્યાનથી. ૮પુદગળના
અનુજાઇ પણાથી. ૯મીથ્યાતથી. ૧૦વીષમ
ભાવથી ૧૧વિકથાથી ૧૨ પરમાદથી. ૧૩કષા

ચની ચોકડીઓથી. ૧૪ભ્રમણાથી. ૧૫હીંસાથી. ૧૬અઢાર પાપસ્થાનથી. ૧૭દુરમતીથી. ૧૮મોહથી. ૧૯અનેક વાસ્નાઓથી. ૨૦મદ્દ એટલે અહંકારથી. ૨૧કુંટુઅને જાળતથા શત્રુ રૂપ દેખે. ભોગને રોગ તથા કરમ જાણે એવાને નીરભાગી ગણે. ૨૨ ભોગીને ભાગ્યવંત જાણે એટલા કારણોથી નવા કરમ બંધાય છે ને તેથી કરીને અનંત સંસારના ભોકતા થવું પડે છે.

પ્ર—ફાંશી કઇ?

ઊ—સંસારમાં વાસના ઇચ્છાએ સંસારને સુખ માનવો તે?

પ્ર--મોક્ષ કયારે થાય ને કરમ કેમ છુટે?

ઊ--૧સંસાર અસાર જાણે ને દાવાનળ રૂપ જાણે. ૨મારાપણું ન રાખે. ૩વૈરાગ દશા રાખે. ૪વિષયનો અભીલાશ ન કરે. ૫મમત ભાવનાનો નાશ કરે. ૬ મનના સંકલ્પ વિકલ્પનો નાશ કરે. ૭સમ ભાવથી. ૮લસનાની ઇચ્છાનો રોધ કર્યાથી. ૯જ્ઞાન દશાથી. ૧૦ મીથ્યા ભ્રમણાથી. ૧૧આતમધ્યાનથી. ૧૨ સ્વરૂપ રમણતાથી. ૧૩આતમ અનુભવથી.

૧૪ક્ષમાથી. ૧૫અકષાઇપણાથી. ૧૬વીત-
રાગ ઉપર ભાવ રાખ્યાથી. ૧૭અપ્રમા
દથી. ૧૮સંતોષથી. ૧૯અવંચક પણાથી.
૨૦સરળતાથી. ૨૧દયાથી. ૨૨અભયદાન
થી. ૨૩સત્યથી. ઇત્યાદીક આત્મીક ગુણ-
માં થીરભાવ થવાથી કર્મનો નાશ એટ-
લે જીવની નીરઊપદ્રવી થાય. ૨૪ચીતને
વીશ્રે વિસામો કરવાથી. ૨૫દેહાદીકની વિ
રક્ત દશાથી. ૨૬આત્મભાવથી. ૨૭પ્રાણી
માત્ર ઉપર સમભાવ રાખવાથી. ૨૮નીર
હંકારીથી. ૨૯સમાધી ભાવથા. ૩૦અસત્ય
સત્યની વેહેંચણ કરવાથી. ૩૧આત્મબો-
ધ થયેથી. ૩૨સત્ય તથા સંતપુરૂષની સં
ગતથી. ૩૩સત્ય વિચારથી. ૩૪સંતોષથી.
૩૫ચારગતીકેદ જાણવાથી. ૩૬સંસાર ભ્રમણ
તા નરક સમ જાણવી. વીગેરેનો જાણ થા-
યતો સુખી થાય દુઃખ મટે ને સંસારથી મુ
ક્ત થાય ને આત્મ સ્વરૂપ પામે.

પ્ર—અમૃત જેવું સુખ કીયુ?

ઉ—૧નીરાશીભાવ. ૨અદીન પણુ. ૩સંતોષ. ૪સમભાવ. ૫સાંતપણું.

પ્ર—ગુરૂ તે કોણ ?

ઉ—૧આતમાને કર્મથીમુકાવવાનો રસ્તો બતાવે. ૨સમયક્ત તથા ૩મીથ્યાત ઓળખાવે. ૪આત્મધર્મનો ભેદ તથાપરધર્મનો ભેદબતાવે. ૫ સમતાવંત.૬આત્મોપયોગી. ૭આત્મધ્યાની. ૮સાબચારીત્રવંત ૯અભયદાન. ૧૦સાંતદાંત. ૧૧ક્ષમાવંત. ૧૨અવંચક સ્વરૂપ. ૧૩ આલંબનવંત. ૧૪હીતોપદેશ કરનાર. ૧૫ શત્રુ મીત્ર સરખા ગણે. ૧૬સોનુ ધુળ સરખીગણે. ૧૭માન અપમાને સંમચીત. ૧૮ સ્ત્રીમે મોહોત જાણે. ૧૯મુક્તી માર્ગ બતાવે. ૨૦મીથ્યાત કહાડે. ૨૧હીતા હીત બતાવે. ૨૨પુન્ય પાપ અસત્ય બતાવે. ૨૩હિતોપદેશ કરે તે.

પ્ર—હીત શું ?

ઉ—કર્મથી મુકાવવું અને આતમીક ધર્મમાં થીર કરવું તે.

પ્ર—શીષ્ય કોણ ?

ઊ—૧ગુરૂના બતાવેલા રસ્તે ચાલે. એટલે ક
મંનો નાશ કરનાર જે આતમીક ગુણ તે
માં રમણ કરે તે. ૨વૈભવને છોડવાને કા-
મી. ૩ગુરૂના ઉપદેશ પ્રમાણે વરતે. ૪ગુરૂ
ની ભકિત કરનાર. ૫ગુરૂની સેવા કરનાર.

પ્ર—ખરો મુનિ કોને કહેવો?

ઊ—૧મોહો મીથ્યાત ક્ષય થયો જેનો તેને ૨
આતમ તત્વમાં થીર ભાવ. ૩નીરૂપદ્રવી.
૪વૈરાગવાન.

પ્ર—સંતોષ તે શું?

ઊ—૧ઇચ્છાનો રોધ ૨સુખે દુઃખે તથા, મળે
ન મળે, સમચીત. ૩રાગદ્વેશ નહીં. ૪સમ
તા ભાવ. ૫કામની વચ્છા નહીં.

પ્ર—નીરભય કોણ?

ઊ—કર્મથી મુકાયો તે. પુગદળ અભીલાખી
સદાય ભય વાળો જાણવા.

પ્ર—સલ એટલે શું?

ઊ—૧આતમામાં મીથ્યાત એજ સલ. ૨ આ
તમ જ્ઞાન પણું. ૩કર્માધીન પણું. ૪પોતા-
નો મુર્ખતા.

પ્ર—નીશ્ચય ગુરૂ તે કોણ?

ઊ—હરેક જીવમા આતમા પોતેજ પોતાનેજ સમજાવનાર છે, ત્યારેજ વેહેવાર ગુરૂનો ઉપદેશ તેને કારણ ભુત થાય છે.

પ્ર—આતમાનો ધર્મ શો તથા ગુણ ક્યા, તથા લક્ષણ શાં તથા સીવના લક્ષણ શાં?

ઊ—પ્રથવી, જળ, અગ્ની, વાયુ, આકાશ, રૂપ, તેજ, અંધારૂ, શબ્દ, રસ ગંધ, ફરસ, જડભાવ, જડવસ્તુ, મીલણ, વીખરણ ઇત્યાદીક જે કહ્યાં તેમાં આતમાનો ધર્મ નથી. આતમા કેવો છે તે કહે છે.

ઇંદ્રી રહિત, જ્ઞાનવંત, અખંડ, પરિપુર્ણ સત્ય વચન, નીત્ય સાશ્વતો, જ્ઞાનાનંદી, ચેતનાવંત, નીરમળ, નીરાકાર, નીરંજન, એકાકી, સર્વજ્ઞ, સર્વદર્શી, થીરતાવંત, અચળ, અનાદી, અજરામર, સમ, શાંત, નિરવીકારી, નીરૂપાધી, મળરહિત, અવિનાશી, સત્ય રૂપી, દયામય, પ્રકાશક, નીરલેપ ઇત્યાદિક અનંત ગુણાકાર આતમાનુ

રૂપ છે. અછેદ્ય, અભેદ્ય, અક્ષર, આપદા ર- હિત, દ્વૈતાદીવર્ણ રહીત, કારણ કારજ રહિત, નિરવિકલ્પિ, એવો જીવ તે આતમા. માટે એવા આતમામાં રહેવું, તેજ શીવ ના લક્ષણ છે.

પ્ર—આતમ ભાવ તે શું ?

ઉ—આતમાનો ગુણ.

પ્ર—પરમાતમની પુજા કેઇ ?

ઉ—૧રાગ, દ્વેશ, મળ ટાળવા. ૨પરપ્રકૃતી- નો નાશ. ૩સમભાવ, ધીરવા, તેજ પરમા તમની પુજા. ૪શેવા ભક્તિ.

પ્ર—નરક કેઇ ?

ઉ—૧ચારગતિના દુઃખ તથા દેહ ધારણ કરવી તે. ૨જનમ મરણ કરવાં. ૩કર્માધીન પ- ણું, તથા પરની આશામાં પડવું તે નરક.

પ્ર—સ્વર્ગ તે શું ?

ઉ—૧કર્મથી મુકાવવું. ૨મોક્ષ. ૩આત્મીક સુ- ખ. ૪ત્રશનાનો ક્ષય. ૫પ્રાણી માત્રની દયા.

૬સમભાવ રાખવો તે.

પ્ર—પાસ એટલે જીવને દુઃખમાં નાખનાર જાળ કેઇ?

ઉ—૧દેહ. ૨ધનાદીકને વીશે પોતાપણું માનવું. ૩પુત્ર, માતા, પીતા, ધરાદિક ઉપર મમતા ભાવ રાખવો તે. ૪જેના અંતરમાં અભિમાન તે.

પ્ર—ચારગતીરૂપ નરક, તેનું કારણ શું?

ઉ—કુમતા તથા કુદ્રષ્ટી, પર પરણતી, વિષમતા, હીંશા, મીથ્યા દ્રષ્ટી, બાહ્યાદ્રષ્ટીરૂપ સ્ત્રી.

પ્ર— સુખ શું?

ઉ—૧સમભાવ. ૨નિર્વિકલ્પપણું. ૩સમાધીભાવ. ૪સંજોગ વિજોગનો નાશ.

પ્ર—જાગતો કોણ?

ઉ—૧પોતાનું તથા પરનું જાણપણું. ૨અસત્ય તથા સત્યનો બોધ થયો. ૩સમયક્ત થયું. ૪સમ દ્રષ્ટી થઇ. ૫આતમ જ્ઞાન થયું તે. ૬અસત્ય સત્યનો વીચાર કરનાર.

પ્ર—શત્રુ કોણ?

ઉ—૧ઇંદ્રી સુખનો અભીલાખ. ૨પરમાં રમણતા. ૩રાગ તથા દ્વેશ. ૪કુગુરૂ તે. ૫ઇંદ્રીઓનું તેજ.

પ્ર—મીત્ર કોણ?

ઉ—૧આતમીક ધર્મમાં ઇંદ્રીપણું આણી જોડે. ૨નીરાશીભાવ.

પ્ર—નેત્ર કીયાં?

ઉ—૧અધ્યાતમીની સોબત. ૨નિશ્ચેથી વિવેક. એ બે જ્ઞાન નેત્રછે તથા જ્ઞાનના કારણછે.

પ્ર—અજ્ઞાન તે શું?

ઉ—૧દેહ. ૨ધનાદિક આત્મા ના માનવો તે. ૩વિનાશી ઉપર રાગ રાખવો તે. ૪આત્મા અસત્ય માનવો. ૫દેહ, પુત્ર, ધન તે ઉપર આસતા રાખવી. ૬આતમાનું સ્વરૂપ જાણે નહી તે. ૭આતમ અનુભવ રહિત. ૮બહાજ મીથ્યાત દ્રષ્ટી. ૯કુમતા. ૧૦દેહ પોતાનીમાની, સુખમાને તે.

પ્ર—જ્ઞાન તે શું? તથા બોધ તે શું?

ઉ—૧આતમબોધ. ૨અનુભવ. ૩જ્ઞાન. ૪ફરસ નાજ્ઞાન. ૫સમયકજ્ઞાન. ૬આતમા તથા પુદગળનો ધર્મ જુદો જાણવો તે. ૭મીથ્યાત નો નાશ. ૮ભેદજ્ઞાન. ૯આતમા અવીના શી.૧૦તથા દેહ વીનાશી જાણવો તે. ૧૧ અંતર દ્રષ્ટી. ૧૨સમ દ્રષ્ટી. ૧૩સુમતી. ૧૪ કર્મથી મુકાવવાનો રસ્તો તે બોધ અથવા શીખામણ.

પ્ર—દરદ્રી કોણ?

ઉ—૧વિનાશી સુખની ઇચ્છા વાળો. ૨દેહા દિકનો રાગી. ૩વિશાળ ચરાના.

પ્ર—ધનવાન કોણ?

ઉ—૧અવીનાશી. ૨આતમ રીધ્ધી પોતાની જાણી પરનીઆશા રહીત રહે. ૩સંતોષ વરતી રહે તે.

પ્ર—જીવતા, પણ મુવા જેવા કોણ?

ઉ—૧આતમારૂપી પરમાતમાને ઓળખતો નથી ને સંસારના કામ કરે છે તેનો ઉ-દ્યમ વ્યર્થ છે. ૨જડને પરમાતમા તુલ્ય માને તે, તિર્થંકર શીવાય અવર દેવને

પ્ર—પવિત્ર કોણ ?

ઉ—૧રાગદ્વેષ રહિત આતમા. ૨પાપસ્થાનક રહિત. ૩સમભાવી. ૪સમદષ્ટી જીવ.

પ્ર—પરમ દુઃખ શું ?

ઉ—૧પરની ઇચ્છા. ૨આશીભાવ. ૩દીનપણું. ૪કર્માધિનતા. ૫જનમ તથા મરણ ૬અજ્ઞાન. ૭આળસ. ૮દરીદ્રતા. ૯રોગીપણું.

પ્ર—પરમ સુખ શું ?

ઉ—૧આત્મીક સુખ. ૨અક્ષય આનંદ. ૩અવિજોગી. ૪સમભાવ. ૫અતીઇંદ્રીય સુખ. ૫જ્ઞાન. ૬ નિરોગી.

પ્ર—મોહ મદીરા કઇ ?

ઉ—૧કુમતી. ૨કુદષ્ટી. ૩બાહાજ દષ્ટી. ૪મીથ્યા દ્રષ્ટી.

પ્ર—મોહોટો અંધ કોણ?

ઉ—૧મીથ્યા દ્રષ્ટી જીવ. ૨કામ અભીલાષી. ૩પંચઇંદ્રીના ભોગનો ઇચ્છાવંત. ૪કામાતુર.

પ્ર—મોહોત કીયું?

ઉ—૧પોતામાં કાંઇ ગુણ પ્રગટ થયો હોય તે, ગુણને નાશ કરનાર જે અભીમાન આવે ને પોતાનોજસ વંચ્છે તેજ. ૨મોટા ૧૮ પાપસ્થાન શેવે. ૩હીંશા. ૪વિષમ ભાવ.૫ રાગદ્વેશ. ૬આતમાની થીરતારૂપ પ્રાણનો નાશ કરનાર. ૭પોતાનુ પરવશ થવું તે.

પ્ર—વિવેક કીયો?

ઉ—૧આતમા નીત્ય સાશ્વતો જાણે. ૨બાહ્યજને મીથ્યાત જાણે. ૩સમકીત. ૪જ્ઞાન.

પ્ર—વેવારથી તિર્થ કીયું?

ઉ—૧આતમાનો રસ્તો બતાવે. ૨આતમા ઓળખાવે. ૩પરઆત્મા. ૪સમદ્રષ્ટી જીવ બતાવે તે.

પ્ર—નિશ્ચે તિર્થ કીયું?

ઉ—૧આત્મા પોતેજ. ૨આતમાના સમભાવમાં રહેવું. ૩મન શુધ્ધ કરવું. ૪આતમ તિરથની શેવા.

પ્ર—મોહોટો રોગ કીયો?

ઉ—૧ચાર ગાતમાં ભટકવા રૂપ કર્મ ઉપાધિ. ૨અજ્ઞાન તથા મિથ્યાત ૩સંસાર.

પ્ર—તે રોગનું ઓશડ શું ?

ઉ—૧સમયક જ્ઞાન. ૨ભેદ જ્ઞાન. ૩પોતાનું તથા પરનું વેહેંચણ કરવું. ૪પોતાના સભભાવમાં રહેવું. ૫ઇચ્છા ત્યાગ. ૬વીચાર.

પ્ર—આતમાનું ભુષણ શું ?

ઉ—૧આતમાના જ્ઞાનાદીક ગુણ તથા સમભાવ ૨આતમાના આચાર. ૩શીલરૂપી આતમાનું ઘરેણું.

પ્ર—છોડવું શું ?

ઉ—૧ધનપુત્રાદિકની તથા સ્ત્રી આદીકની મુરછાને ત્યાગવી. ૨ઇચ્છા નો રોધ ૩કનક તથા કાન્તા.

પ્ર—શું સાંભળવું ?

ઉ—૧આતમાના ગુણ સબંધી કથા ૨ અધ્યાતમ શાસ્ત્રની વાત. ૩જીનગુણ. ૪જીનની વાણી. ૫ગુરૂના વાકય.

પ્ર—સાંભળવું શું નહીં ?

ઉ—૧વિકથા. ૨જડ સંબંધી કથા. ૩પરસ્વરૂપની વાત.

પ્ર—તિર્થસ્નાન કોને કહીએ ?

ઉ—૧આતમારૂપી તીરથમાં સમભાવ રૂપી જળે કરીને નાહવું. એટલે આતમા સમભાવમાં રેહે તેજ તિર્થ સ્નાન કરવું. ૨પાણીથી આતમા નિર્મળ ન થાય, પણ વિષમભાવથી ઉલટો મલીન થાય. ૩જ્ઞાન દર્શન મધ્યે આતમાનું ધ્યાન કરવું. ૪પંચમગતી મોક્ષ થાય તેણેજ તીર્થયાત્રા કરી તથા પુજા કરી બરોબર છે.

પ્ર—જ્ઞાન વૈરાગ્ય તે શું?

ઉ—૧વાદ વિવાદ ના કરે. ૨સમભાવે રેહે. ૩પરભાવ સર્વે અથિર જાણે. ૪પરથી વૈરાગ્ય. ૫પરમાં આશકિત નહીં. ૬સ્વસ્વભાવમાં લીન.

પ્ર—તાવ કીયો?

ઊ—૧અજ્ઞાનભાવ. ૨પરની ઇચ્છા. ૩પુદ્ગળ નંદીપણું. ૪પુદ્ગળના વિજોગની ચિંતા વિવેક રહીત. ૫પોતાનું તથા પર ના જા

ણવું તે. ૬આત્માને હીતકારી, અહિતકારી ના જાણે તે.

પ્ર—કરવું શું ?

ઉ—૧આતમારૂપી ભગવાનની ભક્તિ તથા પુજા કરવી; એટલે આતમાના જ્ઞાનાદિક ગુણ નીરમળ પ્રગટ કરવા, રાગ દ્વેશ મળનો નાશ કરવો તે. આતમા એટલે શીવ, વિશનુ. શીવ એટલે કર્મ રહીત આતમા. વિશનુ એટલે રાગ દ્વેશ રહિત આતમાને પુજવો તે.

પ્ર—કાગડાના ફળ ફળાટ. જેવું શું ?

ઉ—આગમ ભણે પણ આતમ સ્વરૂપ ના જાણે તે.

પ્ર—પરમારથ તથા સ્વાર્થ તે શું ?

ઉ—૧કર્મથી મુકાવવું તે. ૨પરમારથ એટલે આતમા એજ શીવ. પરમારથ તથા આતમ સ્વભાવ સાધવો તેજ સ્વારથ. તે શીવાય સર્વ અનર્થ જાણવું અથવા ફોગટ જાણવું.

પ્ર—કડછીની પેઠે સ્વાદ કોણ ના પામે ?

ઉ—૧આતમ જ્ઞાન શીવાય, બાઝ જ્ઞાનીનું જ્ઞાન તે આતમ ગુણનો સવાદ ના આપે તથા ના પામે. ૨ભુખ્યો તથા ઇચ્છાવંત દુખી રેહે.

પ્ર—શું કરીને જીવવું ?

ઉ—રાગ દ્વેષ વીગેરે વિભાવ દુર કરી સ્વ સ્વભાવમાં રહેવું તે.

પ્ર—વિદ્યા કઇ ?

ઉ—૧જે ભણવાથી આતમસ્વરૂપ જાણીયે તે. ૨પરસ્વરૂપ છોડાવે તે.

પ્ર—માતા તથા પીતા, પુત્ર,તથા સજ્જન કોણ?

ઉ—૧જે આતમાનો ધર્મ બતાવે. ૨કર્મ જાળમાં થી કહાડે તે. ૩નિશ્ચેથી પોતાના આતમા ના જ્ઞાન દર્શન.

પ્ર--લાભ કોને કહેવો. ?

ઉ—૧આતમાનું દરશણ થવું. ૨આતમાને ઓળખવો ૩સમદ્રષ્ટી થવી તેજલાભ.

પ્ર—જગત કેમ જીવવું ?

ઉ—૧મનમરે એટલે. ૨રાગદ્વેશના નાશથી.૩ જગતના સુખની ભ્રમણુતા મટે ત્યારે જગત જીતે. ૪મનને વશ રાખે ત્યારે.

પ્ર—સુરો કોણ?

ઉ—મનથી ઉપજેલી કામનાનો નાશ કરે એટલે રાગદ્વેશને જીતે તે. તથા કામને જીતે તે.

પ્ર—પંડીત તથા ધીરજવંત કોણ?

ઉ—૧કુમતાને વશ ના પડયો તે. ૨ સ્ત્રીના કટાક્ષથી આશકત ન થયો તે.

પ્ર—મોહોટું ઝેર શું?

ઉ—૧હરેક પદારથની આશકિત. ૨મોહો. ૩વિપય ભાવ. ૪સ્ત્રી ૫સમરત વિપયી.

પ્ર—સદા દુખી કોણ?

ઉ—૧વીષયનો રાગી. ૨ઈંદ્રી સુખનો કામી. ૩પરની આશા વાળો ૪મીથ્યા દ્રષ્ટી.

પ્ર—પરોપકાર કીયો?

ઉ—૧આતમાને આતમ સ્વરૂપનો રસ્તો બતાવવો. ૨આતમ બોધ કરવો તે.

પ્ર—વેહેવાર તે શું?

ઉ—૧સંસારનો માર્ગ. ૨બાહ્યાજ કીયા.

પ્ર—નિશ્ચે તે શું?

ઉ—૧આતમ સ્વરૂપ. ૨આતમાની કીયા જે જ્ઞાન. ૪સમભાવ.

પ્ર—પુજવા જોગ કોણ?

ઉ—૧તત્વનીષ્ટ તે પરમાત્મા.૨ ચીદાનંદ આતમા. ૩આત્મ તત્વ જાણનારો.

પ્ર—ત્રત્પ કોણ?

ઉ—૧જે આતમમાં લીન થયો. ૨સ્વરૂપ પ્રગટ થયું તે જીવ.

પ્ર—સ્નેહ તે શું? તથા પાપ તે શું?

ઉ—૧સંસારનો ઉપદેશ કરવો તે પાપ. ૨જડમાં રમણ કરવું. આશકિત કરવી તે સ્નેહ.

પ્ર—ધર્મ શો?

ઉ—૧ક્રોધ સાથે કલેશ નહીં. ૨મનના વિકલ્પ. નહીં. ૩સ્થાવર જંગમ પ્રાણી ઉપર સમભાવ. ૪અહંકાર તથા મમતા નહીં તે. આત્માનો ધર્મ.

પ્ર—જ્ઞાની કોણ?

ઉ—૧કુમતા, કુદ્રષ્ટી રૂપ સ્ત્રીને વશ ના પડયો તે. ૨આતમધર્મ.

પ્ર—જીવને બેડી કઇ?

ઉ—૧કુમતી. ૨સ્ત્રી. ૩મીથ્યા દ્રષ્ટી આદીકની. આશકિત.

પ્ર—વરત કીયું?

ઉ—૧પરભવથી નીરાશીપણું. ૨અદીનપણું. ૩મમતાનો ત્યાગ. ૪કપટ વિનાની ગરીબાઇ.

પ્ર—અવ્રુત કીયું?

ઉ—૧પુદગળાદિકની આશકિત. ૨મોહો. ૩કખાયાદીક પાપસ્થાન તે.

પ્ર—શું જાણવું મુશ્કેલ છે?

ઉ—૧સુમતા સ્ત્રીના ગુણ ને કુમતીસ્ત્રીનું કપટ જાણવું મુશ્કેલ છે.

પ્ર—તજવું શું કઠણ છે?

ઉ—૧પુદગળની આશકિત. ૨પર પરણતી. ૩વિષય અભિલાષ. ૪ખોટી ઇચ્છા.

પ્ર—પશુ કોણ?

ઉ—૧આત્મસ્વરૂપ જાણ્યું નથી તે. ૨મિથ્યા

દ્રષ્ટી જેનામા હોય. ૩હીતાહિત ના જાણે. ૪અજ્ઞાની. ૫મોહોમાં પડેલો જીવ પશુ જાણવો.

પ્ર—કોની સાથે વસવું નહી ?

ઉ—મુરખ, પાપી, ખળ, નીચની સાથે વસવું નહીં.

પ્ર—મુરખ, ખળ, નીચ તથા પાપી કોણ?

ઉ—મુરખ તે મીથ્યા દ્રષ્ટી, અજ્ઞાની. ખળ તે બાહાઝમાં સારૂ કરે ને અંતરમાં કપટી, બાહ્યથી દેખાવ રૂપ કરે; અને અંતર લક્ષ નહી. નીચ તે રાગ દ્વેષ ભરેલો, મોહોમાં લીન અધમ કામ કરનાર, કુદ્રષ્ટી. પાપી તે સંસારનો મારગ, સુખનો બતાવે ને આત્માનો મારગ તથા આતમ જ્ઞાન ન કરાવે. માટે તેવાની સોબત ના કરવી.

પ્ર—મોક્ષ અભીલાષી શું કરે ?

ઉ—સત્ય તે આતમા, તેમાંજ રમે. તથા આતમાને વીશે લીન જે પુરૂષો તે બાહાઝ દ્રષ્ટી રહીત તેમની સોબત કરવી કે સંસાર વેહેવારમાંથી કાઢે.

પ્ર—ભક્તિ કોહોની કરવી ?

ઉ—નીરમમતાએ આતમાની ભક્તિ કરવી, એટલે આતમ સ્વભાવમાં રહેવું. પરભાવ રાગ દ્વેષ છોડવા સમભાવ રહેવું તે.

પ્ર—નરક તે ચાર ગતીના બારણા કીયાં?

ઉ- ૧કામ તે ઇચ્છા. ૨રાગ. ૩ક્રોધ તે દ્વેશ ૪લોભ તે મોહ. ૫ત્રશના એ નરક રૂપી ચાર ગતીના બારણા.

પ્ર—ચંડાળ તથા પાપી કોણ?

ઉ—આતમાની વાત કહે તેમા કુશળ. અને ચીતમાં છુતી વિષયાભીલાષની, તથા મીથ્યા દ્રષ્ટી. ( અંતર દ્રષ્ટી રહીત તે મિથ્યા દ્રષ્ટી. )

પ્ર—વીરલા પુરૂષ કીયા ?

ઉ—૧સંસાર ભોગની આશક્તિ રહિત. ૨આત્મીક સુખમાં લીન. તેવા બહુજ થોડા હોય છે.

પ્ર—આતમા લઘુ, તે નીરાસા શાથી થાય?

ઉ—૧પર જે પુદ્દગળની જાચના તેની અભીલાષાથી. ૨આશી ભાવથી. ૩દિનતાથી.

પ્ર—આતમા, મહતવપણું શાથી પામે ?

ઉ—૧સ્વસ્વભાવમાં રહેવાથી. ૨નીરાશી ભાવથી. ૩અદીનપણાથી. ૪સમ, સંતોષ, ક્ષમાદીક ગુણથી. ૫જ્ઞાનાદીક નીજ ગુણ રૂપ સણગારથી. ૬મોક્ષ પદવી પામે ત્યારે.

પ્ર—જનમ્યો કોણ?

ઉ—જેને અવતાર કરવા નથી. અને આતમા પોતાના સ્વરૂપને પામ્યા તે.

પ્ર—મરણ કોણ પામ્યું?

ઉ—૧જેને દેહાદિક મુકયા પછી ફરી ગ્રહણ કરવું નથી તે. ૨કર્મ છુટયાં તે.

પ્ર—મુખની સોભા શી?

ઉ—૧આતમ સબંધી કથા કરવી. ૨અધ્યાતમ સાસ્ત્ર ભણવું.

પ્ર—સત્ય તે શું?

ઉ—૧આતમાની દયા. ૨આતમધર્મ. ૩અવિચળ પદ. ૪નીજ સ્વરૂપ. ૫સર્વનું હીત કરવું.

પ્ર—સુખ, શું તજયાથી થાય?

ઉ—૧આશારૂપી સ્ત્રી. ૨મિથ્યા ભ્રમણા. ૩કુદ્રષ્ટી. ૪અજ્ઞાન.

પ્ર—અભયદાન કીયું ?

ઉ—૧કર્મથી મુકાવવું, તથા કર્મ મુકાવવાનો રસ્તો બતાવવો. ૨આતમ ઓળખાવવો. સંસારીક સુખમાં અભયદાન તેમાંતો ભયજ રહેછે.

પ્ર—બેહેરો કોણ ?

ઉ—૧રાગ દ્વેશ રહિત એહેવો આતમા,તેની કથા ના સાંભળે ૨ગુરૂના વચન ન સાંભળે તે.

પ્ર—મુગો કોણ ?

ઉ—૧આત્માની સ્તવના ન કરે તે. ૨પુદગળની પ્રસંસા કરનારો. ૩જેવું જોઇએ તેવું ના બોલાય તે.

પ્ર—તપ શું ?

ઉ—૧એક આત્મ સ્વરૂપ એજ અતત્વ, ૨બહારની કીરીયા રહીત. ૩ઇચ્છા રહીત પણું. ૪પુદગલાદીકની ઇચ્છાનો ત્યાગ. ૫મનનો નાશ. ૬આત્મ સ્વભાવ!

પ્ર—ઊત્તમ કામ શું ?

ઊ—૧આતમાના ધર્મમાં રહેવું. ૨પરભાવ છોડવો તે. ૩રૂડાં આચરણ.

પ્ર--સોચ શાથી ના થાય.?

ઉ—કામના વેરી તે આતમા રૂપી માહાદેવ, તથા કંશના વેરી તે, આતમા રૂપી વિશ્નુ, તેની સેવા એટલે આતમસ્વરૂપમાં રહેવાથી. ચીંતા નાશ થાય છે.

પ્ર--વિશ્વાસ કોનો ન કરવો?

ઉ—મિથ્યાતનો તથા મિથ્યા દ્રષ્ટીનો તથા બાહ્ય સુખનો. તથા સ્ત્રીનો.

પ્ર—બંધ કીયો.?

ઉ—વિષયમાં પ્રિતી તે

પ્ર—મુક્ત કોણ?

ઉ—વિષયનો ત્યાગી તે.

પ્ર—સંસારને કોણ જીતે?

ઉ—પોતાના આતમાનો બોધ તે.

પ્ર—મોક્ષ કોણ લઇજાય?

ઉ—જે બોધ અંતરમાં પ્રસરે તે.

પ્ર—નર્કમાં મોકલનાર મુખ્ય અધિકારી કોણ?

ઉ—સ્ત્રી.

પ્ર--સ્વર્ગ એટલે મોક્ષનો અધિકારીકોણ?

ઉ—જેને હિંશા વાહાલી નહીં તે.

પ્ર—સુખે સુતો કોણ ?

ઊ—કાઉશગ ધ્યાને રહી જીનરાજનું ચિંતન ન કરવું તે.

પ્ર—મોક્ષગતીરૂપી પલંગના ચાર પાયા કીયા?

ઉ—૧મુનીમાહારાજની સોબત તથા જ્ઞાનીના સંગત ૨દયા. ૩સુવિચાર. ૪સમતા.

પ્ર—જીવ લેનારો તાવ કીયો? તથા અગ્નીવિના દેહને બાળનાર તથા ગરમીવિના દેહને સુકવનાર કોણ?

ઉ—ચીતા.

પ્ર—મુરખ કોણ ?

ઉ—૧અવિવેકી. ૨વિદ્યા વિનાનો તે.

પ્ર—બોધ કીયો?

ઉ—મોક્ષ સુખને આપે તે.

પ્ર—ધન્ય કોને ?

ઉ—૧પરોપકારીને. ૨બ્રહ્મચર્ય પાળનારને. ૩ પંચ મહાવ્રત ધારીને?

પ્ર—સર્વદા કીયુ કામ ન કરવું?

ઉ—સર્વદા પાપ તથા સ્નેહ ન કરવો.

પ્ર—પંડિતે શું કરવું ?

ઉ—ભણવું તથા ધર્મ કરવો.

પ્ર—સંસારનું મુળ કીયું?

ઉ—૧પંચ ઇંદ્રીને વશ પડવું. ૨ચિંતા. ૩કનક તથા કાન્તા ઉપર મોહ રાખવો. ૪વિષયાદી પ્રમાદ વિગેરે સેવવું તે.

પ્ર—મોટું વિજ્ઞાન કીયું?

ઉ—પીશાચણી સ્ત્રીએ ન ઠગ્યો તે.

પ્ર—જ્ઞાનિ થવું હોય તો કીયે ઠામ ન રહેવું તથા કોનો સંગ ન કરવો ?

ઉ—જ્યાં જ્ઞાની મુની મહારાજનો તથા શ્રી જીનરાજના ચૈત્યનો જોગ ના હોય ત્યાં ન રહેવું. તથા મુર્ખ, પાપી, ખળ, તથા નીચનો સંગ ન કરવો.

પ્ર—નિર્વાહને માટે શું કરવું ?

ઉ—પાપ રહિત કામ કરવું.

પ્ર—જ્ઞાની થવું હોય તેને કેઇ રીતે વર્તવું?

ઉ—૧સુદ્ધ ભાવથી શ્રી જીનરાજની નિર્મમ-

તાથી ભકિત કરવી. ૨મુનીમહારાજો તથા પંડીતોની શેવા કરવી, તેમના કથન સુણવાં. ને તે ઉપર સારા સારનો વિચાર કરી તત્વ ગ્રહણ કરવો.

પ્ર—એક તત્વ કીયું?

ઊ—અદ્વૈત શિવ એટલે મોક્ષ.

પ્ર—કઇ વાંચ્છીના કોઇ પણ પ્રકારે ન પુરી થાય?

ઊ—વિષય તથા ત્રશના.

પ્ર—કેવું દાન દેવું?

ઊ—અભયદાન.

પ્ર—શું, મુવે મોક્ષ થાય?

ઊ—મન.

પ્ર—કોની શેવા કરવી?

ઊ—૧ગુરૂનિ. ૨માબાપની. ૩શ્રીજીનરાજની. ૪પંચ મહાવ્રતધારીની.

પ્ર—મરતી વખતે શું કરવું?

ઊ—મન, વચનને કાયાથી અરીહંત દેવનું સમણું કરવું તથા તેની તરફ લક્ષ આપવું.

સંસારીક કોઇ પણ બાબતમાં લક્ષ ન હોવાનવું.

પ્ર—સાધુ પુરૂષનો ચોર કીયો?

ઊ—૧કુવાસના. ૨કુમતી.

પ્ર—સભામાં કોણ સોભે ?

ઊ—૧વિદ્યાવંત. ૨જ્ઞાની.

પ્ર—સાંતીનુ સુખ કોણ આપે?

ઊ—સુવિદ્યા.

પ્ર—શું આપેથી ન ઘટતાં વધેજ જાય?

ઊ—વિદ્યાનું દાન.

પ્ર—સાધુ પુરૂષોને તથા પંચ મહાવૃત ધારીને શાથી બીહીવું?

ઊ—૧લોકની નિંદાથી. ૨સંસાર રૂપી વાડી નો મોહ લાગે તેથી

પ્ર—બુદ્ધિથી જેનો બોધ ન થઇ શકે તેવી કઇ વસ્તુ છે?

ઊ—સચ્ચિદાનંદ રૂપ મોક્ષપુરી.

પ્ર—શું જાણ્યાથી સર્વ જગત જણાય ?

ઊ—સર્વ આત્મક એવું જે પુર્ણ રૂપ, એવું જે પર બ્રહ્મ તે જાણે, તે સર્વ તત્વને જાણે.

પ્ર—ત્રિલોકમાં શું મળવું દુરલભ છે?

ઊ—૧જ્ઞાનીનો સંગ. ૨આત્મભાવ. ૩સમયકત્વ. ૪મોક્ષ સ્થાન.

પ્ર—સર્વનો ત્યાગ ક્યારે થાય?

ઉ—૧મન બુજે ત્યારે. ૨મોક્ષ ગામી થાય ત્યારે. ૩આત્મ બોધ પામે ત્યારે.

પ્ર—સર્વથી ન જીતાય તે શું ?

ઉ—કામ એટલે વિષય.

પ્ર—વિજળીની પેઠે થાતુ ને તરત શીટી જાય તે શું ?

ઉ—ધન, જોબનને આયુષ.

પ્ર—દાન કવાને આપવુ?

ઊ—સુપાત્રને.

પ્ર—જીવ જતાં પણ શું ન કરવું ?

ઊ—૧કોઇની ગુહ્યવાત. ૨ખોટું કામ.

પ્ર—કંઠે પ્રાણ આવ્યો હોયતો પણ શુ કરવુ?

ઊ—૧શ્રીજીનરાજની ભગ્તિ.

પ્ર—કર્મ કીયુ?

ઉ—હરેક સાથે સ્નેહ કરવો તે. તથા અણરાગ કરવોતે.

પ્ર—નિરંતર આસ્થા ક્યાં ન કરવી ?

ઉ—સંસારરૂપી સમુદ્રમાં.

પ્ર—રાત દીવસ શું ચીંતતવું ?

ઉ—૧સંસારનું મિથ્યાતપણું.૨શિવાત્મા તત્વ.

પ્ર—જપવું શું?

ઉ—૧આત્મ સ્વરૂપનું ચીંતન. ૨આત્મ ધર્મની કીયા.

પ્ર—દાન કેવું લેવું ?

ઉ—૧પરવસ્તુ છોડી દેવી ૨સ્વવસ્તુ એટલે આતમ ધર્મ ગ્રહણ કરવો.

પ્ર—જ્ઞાન કોને કહિએ ?

ઉ—આત્મ તથા અનઆત્મ તે જડ તેને જુદા જાણવા તે

પ્ર—અ શા શાથી મરે ?

ઉ—૧તત્વ તે આત્મા તેનું જાણ પણું થવાથી, ૨સ્વભાવથી

પ્ર—મોહોટો શત્રુ કીયો ?

ઉ—૧કામ તે ઇચ્છા, મન મિથ્યાને વિશે આશક્તિ ધરવિ તે. ૨ક્રોધ. ૩અસત્ય. ૪લોભ. ને તૃષ્ણા.

પ્ર—જુઠ તથા મિથ્યાત તે શું?

ઉ—૧બાહ્યાઝમાં આતમ ધર્મ માનવો તે. ૨આવે ને જાય તે.

પ્ર—લોભ એટલે શું ?

ઉ—૧બાઝનો સંચય. ૨ત્રશના.

પ્ર—બાહ્યાઝ તે શું?

ઉ—પુદ્ગળ. ૨ધન. ૩કુટુંબ. ૪જડ વસ્તુ. ૫ખુલ્લું અવા દેખીતું.

પ્ર—ત્રશના કોને કહેવી ?

ઉ—૧ધનમાં લપટાવાપણું. ૨ધનમાં મન ખેંચાય તે. ૩ધનની ઇચ્છા.

પ્ર—દુઃખનું મુળ શું ?

ઉ—૧અહંકાર. ૨મમતા. ૩બાઝ માહારૂં. ૪બાઝ તે હું.

પ્ર—જેનો અંતજ નહીં તે શું ?

ઉ—૧વિષય અભિલાષ. ૨લોભ. ૩ઇચ્છાનો.

પ્ર—મુક્તિ કોણ ના પામે?

ઉ—૧મીથ્યા દ્રષ્ટી જીવ. ૨અજ્ઞાની.

પ્ર—જમનો ભય કોને નથી?

ઉ—૧આતમામાં લીન છે. ૨પરની આસા નથી. ૩સમ દ્રષ્ટી જીવને ત્રાસ નથી. ૪જેણે આત્મ સુખ જાણ્યું તેને પરથી વિનાશ થ-વાનો ભય નથી.

પ્ર—મોક્ષપુરી જવા માટે કીયા કીલ્લાને તોડવા?

ઉ—૧અજ્ઞાનનો. ૨મિથ્યાતનો. ૩આત્મ અજ્ઞાનનો. ૪કર્મઆધીનતાનો.

પ્ર—શત્રુ છે, પણ મીત્ર ભાસે તે કોણ?

ઉ—પુત્ર, સ્ત્રી આદીક જડ વસ્તુ.

પ્ર—અથીર ચંચલ કોને કેવું?

ઉ—૧સંસારીકસુખ. ૨આયુષ. ૩મનના સંકલ્પ.

પ્ર—દાન કેવું કરવું?

ઉ—૧આત્માને ધર્મ પમાડવો. ૨પોતાનું તે પરનું ઓળખાવવું. ૩જ્ઞાનાદીક ગુણ બીજાના પ્રગટ કરવા.

પ્ર—શીર ચરચ્યા તે શું?

ઊ—રાગદ્વેશ રહિત સમભાવમાં રહી આત
માની ભક્તિ કરવી.

પ્ર—હમેશ શું કરવું ?

ઉ—૧પરમાત્માની શેવા પુજા કરવી. ૨આત્મ-
ગુણમાં રમવું.

પ્ર—શું ચીંતવવું ?

ઊ—૧સંસાર મિથ્યા છે, ને મોક્ષ સત્ય છે

પ્ર—ધ્રતી એટલે શું ?

ઊ—૧ઊદ્વેગનો ત્યાગ કરવો. ૨સ્વસ્થ
ચીત કરવું.

પ્ર—શ્રદ્ધા એટલે શું ?

ઊ—આતમા ઊપર રૂચી થવી.

પ્ર—સુશ્રુષા એટલે શું ?

ઊ—આત્મિક ધર્મ સબંધી સાંભળવાની ઇ-
ચ્છાથી આત્મિક ગુણ પ્રગટ થાય છે તે.

પ્ર—વીવીદીસા એટલે શું ?

ઊ—૧આત્મ ચીંતનની બુદ્ધી થવી.

પ્ર—વીગ્નપ્તિ એટલે શું ?

ઊ—૧સમસંવેદ. ૨નીર્વેદ. ૩અનુકંપા. ૪

આસ્તીકતાથી આત્મની પ્રાપ્તી.૫સમકીત.

પ્ર—ધ્યાન કેટલા પ્રકારના છે, નેતે કીયા કીયા?

ઊ—ત્રણ પ્રકારના. ૧આર્ત ધ્યાન. ૨રૂદ્રધ્યાન. ૩ધર્મધ્યાન.

પ્ર—આરત ધ્યાનના કેટલા ભેદ છે?

ઊ—ચાર. તેના નામ. ૧ઇષ્ટ. (સંજોગની ચીંતા.) ૨અનીષ્ટ ( વસ્તુનો નાશ થવાની ઇચ્છા કરવી તે. ) ૩રોગાદીકનો નાશ થવાનિ ચીંતા. ૪આવતા સુખની અભીલાષા. ( નિઆણું કરવું )

પ્ર—રૂદ્ર ધ્યાનના કેટલા ભેદ છે, ને તે કીયા કીયા?

ઉ—ચાર. તેના નામ.૧હીંસાથી ખુશી. ૨મ્રખાથી ખુશી. ૩અદત્તથી ખુશી. ૪પરીગ્રહનું ધ્યાન.

પ્ર—ધર્મધ્યાનના કેટલા ભેદ છે ને. તેનાનામ?

ઊ–૧આજ્ઞા. ૨અપાય. ૩વિપાક. ૪સંસથાન.

પ્ર—આજ્ઞા કોને કહેવી?

ઊ—પર વસ્તુને છોડવાની, આતમ વસ્તુ અ-

હણ કરવાની, તથા પોતાનું તથા પરનું તે જા
ણવાનું છે એમ ચીંતવવું તે.

પ્ર—અપાય કોને કહેવો?

ઉ—આતમાનું રૂપ ચીંતવવું, ને આતમાને કર્મ લાગે છે તે દુર કરવું વીગેરે ચીંતવવું.

પ્ર—વીપાક કોને કહેવો?

ઉ—આઠ કર્મના પ્રપંચે જીવ દુઃખ પામે છે. માટે ચક્કર બાહાર આતમાનું સ્વરૂપ છે એમ ચીંતવવું.

પ્ર—સંસ્થાન એટલે શુ?

ઉ—ચૌદરાજ લોકમાં જેટલી વસ્તુ છે તેની રિતથી સ્વરૂપ જાણવું; તેમાં પોતાની વસ્તુ પોતાના ઘટમાં દેખવીને સર્વ પરવસ્તુ ઉપરથી પોતાનું ધ્યાન હઠાવવું તે.

પ્ર—આતમાનો મેલ શાથી જાય?

ઉ—સમતા રૂપી જળે કરી આતમાને નવરાવવો તેથી.

પ્ર—જ્ઞાનરૂપી કળસમાં કેવું જળ ભરવું?

ઉ—સમતા રૂપી.

પ્ર— આત્માને શાનો લેપ કરવો અને તેથી શાની શાંતી થાય?

ઉ—ક્ષમારૂપી ચંદનનો, ૧જેથી મોહ.રસંતોષ તથા વિષયાભિલાષ રૂપી અગ્ની શાંત થાય ને નીરમોહી રૂપ શાંતી થાય.

પ્ર—આત્મા તથા પરમાત્મા શાથી દેખાય?

ઉ—જ્ઞાનરૂપી દીવાથી તે દીવાથી અજ્ઞાન રૂપી તીમીર નાશ પામે.

પ્ર—આત્માને કેવાં ફુલ ચડાવવાં.?

ઉ—પરભાવ પરપ્રણીત કાહાડવી.

પ્ર—આતમાનો મેલ કીયો?

ઉ— રાગદ્વેશ

પ્ર—આત્માને ધુપ શાનો કરવો?

ઉ—તેના ગુણોનો. કે જેથી કર્મ બળી તેના ગુણરૂપી સુગંધ નીકળે.

પ્ર—આત્માને અક્ષત પુજા કેવી રીતે કરવી?

ઉ—વીનાસી પુદગળ પરણુતીનો ભાવ નાશ કરવો?

પ્ર—આત્માને કેવું નિવેદ ધરવું.?

ઉ– જ્ઞાન, દર્શન, ચારીત્ર રૂપ.

પ્ર—આત્માને ફુલ કેવાં ચડાવવાં?

ઉ—કર્મ રહીત થવું. ૨ કરમથી મુકાવવું.

પ્ર—આત્માને કેવા વાસખેપથી પુજા કરવી?

ઉ—ઇચ્છાના રોધ રૂપી વાસખેપથી.

પ્ર—આતમાની પુજા ક્યારે થાય?

ઉ—કામની દુરગંધ જાય ત્યારે.

પ્ર—આતમાની પુજા કઇ?

ઉ—જ્ઞાન, ક્રીયા અને સંભાવ.

પ્ર—બાલપસુ કોણ?

ઉ-૧મીથ્યા દ્રષ્ટી જીવ. ૨અજ્ઞાની. ૩અવીવેકી. ૪ભેદજ્ઞાન રહીત. ૫બાઝદ્રષ્ટી. ૬પુદગળ. ૭ વિષયા અભિલાશી. ૮સાસ્ત્રભણ્યો પણ આત્મ બોધ ન થાય તે.

પ્ર—પંડીત કોણ?

ઉ—૧સમદ્રષ્ટી જ્ઞાની. ૨વિવેકી. ૩ભેદજ્ઞાની. ૪અંતર દ્રષ્ટીવંત. ૫આતમ ઉપયોગી. ૬નીરવિષ્ટ ૭તત્વજ્ઞાની.

પ્ર—ઘર કીયું?

ઉ—૧આતમ ક્ષેત્ર. ૨અસંખ્યાત પરદેશી ચેતન તે ઘર.

પ્ર—ધન કીયુ?

ઉ—આતમ રીદ્ધી.

પ્ર—સ્ત્રી કેઇ?

ઉ—૧સમતા. ૨નીરમમતા. ૩શીવ વધુ. ૪સુમતી.

પ્ર—કુટુંબ કીયુ?

ઉ—આતમાના જ્ઞાન, દર્શન. ચારીત્ર, ક્ષમા. સંતોષાદીક પરીવાર.

પ્ર—શત્રુ કીયા?

ઉ—૧રાગ, દ્વેશ તથા તેનો પરીવાર. ૨ક્રોધા દીક બહાઝ ભાવ.

પ્ર—હીંદુ કોણ?

ઉ—૧આતમાનો આચાર પાળે તે. ૨સમભાવ માં રહે તે. ૩દયા પાળે તે.

પ્ર—મુસલમાન કોણ?

ઉ—૧પરભવનો રાગી. ૨મીથ્યા દ્રષ્ટી. ૩જીવ હીંસક ૪વીસંભવી. ૫સાત વ્યસનાદિક ૬અકા

૨ પાપસ્થાન શેવનાર.

પ્ર—રળવું શું?

ઉ—આતમાનું સ્વરૂપ જાણવું ને તે પ્રગટ કરવું તે

પ્ર—ખોવું શું?

ઉ—પરભાવમાં રમવું તે.

પ્ર—રીદ્ધિવંત કોણ?

ઉ—૧આતમ લક્ષ્મીવાળો. ૨અતર રીધ્ધીવંત.

પ્ર—ભીખારી કોણ?

ઉ—૧પુદ્દગળ અભીલાષી. ૨બાહ્યજ દ્રષ્ટી ૩ બાહ્યજ જ્ઞાની.

પ્ર—પીવું શું?

ઉ—સમતા રૂપી જળ.

પ્ર—ખાવું શું?

ઉ—આતમ ગુણની રમણતા કરવી, જેથી ક્ષુધાનો નાશ થાય.

પ્ર—વીસ્ટા કેવી કહાડવી?

ઉ—૧રાગદ્વેશ. ૨પરભાવ. ૩હીંસકભાવ. ૪ [illegible]અભાવ.

પ્ર—મુતર કેવું કહાડવું?

ઊ—વીષમ ભાવ.

પ્ર—ઘરેણાં કીયાં?

ઉ—આતમાના ગુણરૂપ ક્ષમાની નીરલોભતા.

પ્ર—લુધડા કીયાં?

ઊ—૧પુદ્દગળની હાય મટે. ૨સમભાવ.રાખે.

પ્ર—નાગો કોણ?

ઊ—૧પુદ્દગળનો ભોગી. ૨કામનાવંત

પ્ર—જડજ કોણ?

ઊ—૧આતમા તથા પુદ્દગળની વહેંચણ કરી આતમા પુદ્દગળને સુંપવો. ૨વાદવીવાદ તથા તથા કલેશ મડાડે.

પ્ર—સુખી કોણ?

ઉ—આતમ સુખમાં લીન તે.

પ્ર—દુખી કોણ?

ઉ——૧પુદ્દગળનો રાગી, ૨જનમ મરણના ભય વાળો.

પ્ર—ચોર કોણ?

ઉ—પુન્ય, પાપ રૂપી પુદ્દગળનો કામી ગુને

ગાર ચારગતી કેદમાં જનારો.

પ્ર—તીલક કેવું કરવું ?

ઉ—૧આતમાની આજ્ઞા માનવી એટલે આતમાની ક્રીયા કરવી તે.

પ્ર—કાળુ મોહોડું કોનું સમજવું ?

ઉ—રાગદ્વેશ રૂપી મેશને ગ્રહણ કરનાર જીવનું જાણવું.

પ્ર—પરણવું શું ?

ઉ—૧સમતા રૂપી સ્ત્રી. ૨મોક્ષ રૂપ સ્ત્રી. ૩સમતા હૃદયમાં રાખવી.

પ્ર—કુંવારો કોણ ?

ઉ—જેને સમતા પ્રગટ થઇ નથી તે.

પ્ર—આંખો કઇ ?

ઉ—જ્ઞાન પ્રગટ થયું તે.

પ્ર—આંધળો કોણ ?

ઉ—જેને આતમાનું જ્ઞાન નહીં તે.

પ્ર—ક્રીયા કઇ કરવી ?

ઉ—૧સમતામાં રહેવું. ૨નીરવીકારી થવું. ૩નિરાશપણું થયું તે.

પ્ર—ભણવું શું?

ઉ—આતમાને જેથી જાણીયે, તેવી અધ્યાતમ વીદ્યા.

પ્ર—પાડો કીયો?

ઉ—મીથ્યાત પાડો. જે વીખમભાવ રૂપ મુતર કરે તે.

પ્ર—પાડી કેઇ?

ઉ—સુમતા પાડી જે સાંતરસ રૂપી દુધ આપે. સમકીતી જીવને શાંતરસ દુધ પુષ્ટીકારી થાય. વિષમભાવ રૂપ ખારૂં મુત્ર કરે.

પ્ર—આતમાની દુનિયાં કઇ?

ઉ—૧આતમાનું ખેત્ર. ૨અસંખ્યાત પ્રદેશમઇ પોતાના કુટુંબ સહીતમાં રહેવું તે.

પ્ર—જુની દુનિયા કઇ?

ઉ—૧ચૌદરાજ લોક. ૨બહાઝ વીભાવતે.

પ્ર—અસજાઇ કોની જાણવી?

ઉ—અઠાર પાપસ્થાનની. ને પાપસ્થાન ટાળવાં તે સજાય.

પ્ર—અભડાયો કોણ?

ઉ—૧પાપસ્થાન રૂપી આભડશેટનો સંગ કરનારો જીવ. ૨મીથ્યા દ્રષ્ટી.

પ્ર—ડાહ્યો કોણ ?

ઉ—૧પાપસ્થાનનો નાશ કર્યો તે જીવ. સાંતરસ વાળો. ૩મલીન જીવ ન હોય તે.

પ્ર—ઉજમણું કેવું કરવું ?

ઉ—૧આતમાને રાગદ્વેશ રહીત કરવો. ૨કર્મ કહાડવો ૩નીરમળ ગુણ શાંત ભાવ પ્રગટ કરવો.

પ્ર—સામાયક એટલે શુ ?

ઉ—૧આતમાનો લાભ થવો. ૨આતમગુણુ થીરતા તે.

પ્ર—પોષહ તે શુ?

ઉ—આતમાને શાંતરશ દુધ પાઇને પુષ્ટ કરવો તે.

પ્ર—જાત્રા કઇ?

ઉ—૧આતમાનું દરશન થવું.૨આતમારામને ઓળખવાનું જાણે.૩આતમાને ઓળખ્યો જાણે નહીં; તેનો ભવ જાત્રા વગરનો ગયો. ને તે માતાના ઉદરથી આવ્યો તેવો ખાલી ગયો.

પ્ર—સંઘ કીયો ?

ઉ—સમદ્રષ્ટી જીવનો સમુદાય, આતમાની આજ્ઞાથી ચાલનાર તથા આતમાની આજ્ઞા પાળવાને કામી.

પ્ર—સ્વામીવત્સળ એટલે શું?

ઉ—પોતાના સરખો ધર્મ છે જેનો, એવો જીવ જે મોહજાગમાં પડયો છે તેને પોતાનું સ્વરૂપ ઓળખાવી મોહોજાળમાંથી કાહાડવા તથા તેમને કોઇ પણ યોનીમાં રહ્યા છે ત્યાંહાં દુઃખના દેવું તથા હણવા નહી. એ સ્વામીવત્સળ.

પ્ર—જોગી કોણ?

ઉ—૧આતમાના ગુણનો જોગ એટલે મેળાપ કરનારો. ૨આતમાના ગુણને પ્રગટ કરવાવાળો

પ્ર—સાધુ કોણ?

ઉ—આતમાનુ કારજ સાધે તે. જડ ભાવના છોડનાર.

પ્ર—આતમ દેવની મુરતી કઇ?

ઉ—૧અસંખ્યાત પરદેશમઇ. એ મુરતી વગર ઘડેલી, આતમ ક્ષેત્રરૂપ મંદીરમાં સ્થાપેલી, આતમરૂપી દ્રવ્ય અને ગુણ રૂપી ભાવથી

ભાવવી. ચારનીક્ષેપે સહીત. નીરંજન, નીશકાર, નિરવિકારીની ભક્તિ કરવી એટલે આતમાને પોતાના નીરવિકારી સ્વભાવમાં રહેવું. વીકાર ભાવ છોડવો. નીજ ગુણમાં થીરતા કરવી.

પ્ર—જતી કોણ?

ઉ—ઇંદ્રી અભિલાષ ભાગે ને અતિ ઇંદ્રીય સુખ મેળવે તે.

પ્ર—તપશી કોણ?

ઉ—૧જે ઇચ્છાનો રોધકરે. ૨કરમને બાળનારો જીવ. ૩આતમ ધ્યાની.

પ્ર—સંન્યાસી કોણ?

ઉ—જેણે આતમાના ઘરમાં વાસ કર્યો છે, અને કરે છે તે જીવ.

પ્ર—મુની કોણ?

ઉ—આતમાને જાણે તે.

પ્ર—સાંત કોણ?

ઉ—૧રાગદ્વેશને મંદ પાડે છે. ૨ખીમામાં રહે છે તે.

પ્ર—શેવક કોણ?

ઉ—આતમાને તથા ગુણને જાણવાનો કામી, તથા આતમાનો અભીલાષી; તે પરમાતમાનો શેવક.

પ્ર—જુઠો દેવ કીયો?

ઊ—ધન, દોલત, પરીવાર, પુદગળરૂપ જુઠો દેવ. અને તે જુઠા દેવની સેવા કરીને સુખ માનનાર તે જુઠો ભગત. પુદગળનો અભીલાષી જુઠો સેવક તથા ભગત. તેની ભગ્તીનુ ફળ જુઠું. સંસાર સુખ તેની ભગ્ની તે પુદગળને માટે અથવા દુઃખ સહન કરવા માટે.

પ્રે—જુઠો ગુરૂ તે કોણ?

ઊ—૧ પુદગળમાં રાગ કરાવે. ૨ આતમાને ન ઓળખાવે તેવા વિષયી પુરૂષો તથા સ્ત્રી, જેહેની આજ્ઞાથી સંસારમાં લીન રહે છે તે સરવે જુઠા ગુરૂ.

પ્ર—જુઠો ધરમ કીયો?

ઊ—આતમાનો સ્વભાવ મુકીને પરનો ધર્મ તથા ગુણ તેમાં રાચવું તે જુઠો ધર્મ જાણવો.

પુન્ય પાપ જુઠો ધર્મ, તેનું ફળ પણ ચારગતી રૂપ જુઠું. સુખની ભ્રમણતા એ પણ જુઠું.

પ્ર—મન એટલે શું?

ઊ—૧રાગદ્વેશ કરવો તે. ૨સંકલ્પ વિકલ્પ કરવો તે. ૩આર્ત રૂદ્ર ધ્યાન કરવું તે. ૪પુદગળમાં ચીત જવું તે. ૫વિષયાનો અભીલાપ કરવો તે.

પ્ર—મોક્ષ ક્યારે થાય?

ઉ—૧મન મરે ત્યારે. ૨મનનો નાશ થાય ત્યારે. ૩વિતરાગ થાય ત્યારે. ૪આતમાના ઘરમાં પેસે ત્યારે. ૫આતમ ઉપીયોગે જડ ભાવનો નાશ થાય ત્યારે.

પ્ર—વ્રત તે શું?

ઊ—૧વીતરાગ ભાવ. ૨પુન્ય પાપનો ક્ષય. ૩અબંધ. ૪સંવર, નીરજરા. ૫આતમ પરણુતી.

પ્ર—અવ્રત તે શું?

ઊ—૧પરભવ. ૨રાગદ્વેશ ૩પુન્ય પાપ. ૪આસવ. ૫ પાપ સ્થાન પરણુતી.

પ્ર—ઊદાસીનતા તે શું?

ઉ—૧લાભ, અલાભે સુખ દુઃખ, ૨રાગદ્વેશ થવો.

પ્ર—ભુત ડાકણ કોણ ?

ઉ—૧રાગદ્વેશ રૂપી પીશાચ. ૨આર્ત, રૂદ્રધ્યાન.

પ્ર—મંત્ર જંત્ર કીયો ?

ઉ—૧અનીત્યાદી નર ભાવના. ૨આતમ સ્વરૂપના ચીતનથી પીશાચ જાય.

પ્ર—સમતા કયારે થાય ?

ઉ—ઇંદ્રી અભીલાષ મટે, સુખ દુઃખ હરષ શોક નહીં. શત્રુ મીત્ર સમ.

પ્ર—કરૂણા એટલે શું ?

ઉ—૧કર્મથી મુકાવવાનો રસ્તો બતાવવો તે. ૨આતમ જ્ઞાન કરાવવું તે.

પ્ર—ઉધાર કીયું કરવુ?

ઉ—૧આતમાને કર્મમાથી કાહાડવો. ૨પાપથી આતમાને બચાવવો.

પ્ર—પ્રતિષ્ઠા કેવી કરવી?

ઉ—આતમામાં પુદ્ગળ ગુણની વાસના હતી તે ટાળી આતમામાં ઉપીયોગઃ ઠરાવવોતે પ્રતિષ્ઠા.

પ્ર—શત્રુ કોણ?
ઉ—રાગાદીક.
પ્ર—મીત્ર કોણ?
ઉ—ઉપસમાદીક
પ્ર—હીતકારી કોણ?
ઉ—આશ્રવ ભાવ.
પ્ર—સંવર ભાવ તે શું?
ઉ—જ્ઞાનદર્શનાદી ગુણ,
પ્ર—વીભાવ તે શું?
ઉ—મીથ્યાત રાગાદીક.
પ્ર—કોઢીઆ રોગવાળો કોણ?
ઉ—રાગદ્વેશથી ભરેલો.
પ્ર—કોહ્યા કાનનો કુતરો કીયો?
ઉ—જેને વીકલ્પ રૂપી કીડા પડયા છે, તેને માત્ર શુખ નહીં તે.
પ્ર—શીયાળીઆ કીયો?
ઉ—રાગદ્વેશ.
પ્ર—સીંહ કોણ ?
ઉ—૧આતમામાં સંતોષ. ૨પરમાતમ ભાવ

આગળ રાગદ્વેશનું ચાલે નહીં.

પ્ર—કેવા દ્રવ્ય વિના મોક્ષ કાર્ય ન થાય ?

ઉ—૧આતમ દ્રવ્ય વિના. જેમ કારણવીના કારજ ન થાય, વળી ગોધુમ વિના રોટલી ન થાય, તેમ દ્રવ્ય વિના ભાવન થાય ૨જ્ઞાનદરસન, ચારીત્ર ન હોય. તેને પણ મોક્ષ ન થાય

પ્ર—આતમાની ભુખ શાથી મટે ?

ઉ—જ્ઞાનાદીક રૂપ આહાર કરવાથી.

પ્ર—આતમભાવ ક્યારે પ્રગટ થાય ?

ઉ—શુધ્ધ આતમ દ્રવ્ય ઉપર ઉપયોગ ઠરશે શુધ્ધ આતમભાવ પ્રગટ થશે. ત્યારે.

પ્ર—જગતમાં જાળ કઇ?

ઉ—મોહ.

પ્ર—પાપસ્થાન રૂપી જમીન શાથી ખોદવી?

ઉ—સંવરભાવ રૂપી કોદાળીથી. તેમાંથી સમભાવ રૂપી પાણી નીકળશે ને આતમા ત્રસ થશે.

પ્ર—દયા એટલે શું?

ઉ—૧સર્વપ્રાણી ઉપર સમભાવ રાખવો તે

૨કોઇ ઉપર રાગદ્વેશ ન કરવો. ૩પુદગલી ક સ્તુ ઉપર આશક્તીન રાખવી. ૪વિષયાભીલા ષ ન કરવો. ૫નીજ સ્વભાવમાં રમવું. ૬નીજ ગુણમાં થીરતા. ૭પરભાવથી પાછા હઠવું.

પ્ર—હીંસા કોને કહેવી ?

ઉ—૧પરભાવમાં રમવું. ૨પુદગળના ઢગલા કરી રાચવું. ૩પુદગળના વિષય એકઠા કરી રાચવું ૪ઉલાશ થવું. ૫ભાવ માનવો તે હીંસા.

પ્ર—ધર્મ કીયો?

ઉ— ક્રીયાએ કર્મ, આશકતીએ કરમનો બંધ, ને આશકતીપણાથી રહેવું. એટલે આતમાના ઉપયોગમાં રહેવું એજ ધર્મ

પ્ર—સંસારીક ધનથી શું થાય ?

ઉ—૧હુંસા કોઇ કાળે જાય નહી. ૨સુકીત થવાનું નથી. ૩પુન્ય તથા પાપના બંધ થવાના છે.

પ્ર—મોક્ષ કાર્ય શું ના હોયેતો ન થાય?

ઉ—આતમ દ્રવ્ય ભાવ ના હોયતો. તથા જ્ઞાન

દર્શન, ચારીત્ર ન હોયતો.

પ્ર—આત્માની ભુખ શાથી મટે?

ઉ—આતમ દ્રવ્યને ગૃહણ કરી, સમભાવ રૂપી ક્રીયા કરી જે નીજ જ્ઞાનાદીક ગુણ રૂપી રોટલા ખાયતો આતમાની ભુખ મટે

પ્ર—આત્માનો શત્રુ તથા મીત્ર કોણ ?

ઉ—મન.

પ્ર—મીત્ર કયારે કહેવાયને શત્રુ કયારે કહેવાય?

ઉ—સારા વિકારો ઉત્પન્ન થઇ સતમાર્ગે ચલાવે ત્યારે મીત્ર જાણવો દુષ્ટ વિકારો ઉપજાવી અવળે એટલે ખરાબ રસ્તે ચડાવે ત્યારે શત્રુ જાણવો.

પ્ર—કાયા નગરીનો રાજા કોણ?

ઉ—મન રાજા.

પ્ર—મન રાજાને કેટલા દીવાનછે ને તેના નામ?

ઉ—દશ. ૧ પાન. ૨ અપાન. ૩ વ્હાન. ૪ સમાન

૬ પનાગશ્વન. ૬દેવદેન. ૭કુર. ૮કુળકર. ૯મદ. ૧૦વાન.

પ્ર—મનરાજાને પ્રધાન કેટલા ને તેના નામ?

ઉ—પાંચ. ૧રસેંદ્રી. ૨શ્રોતેંદ્રી. ૩ઘ્રાંણેંદ્રી. ૪રપ સેંદ્રી. ૫ચક્ષુઇંદ્રી.

પ્ર—ઉપપ્રધાન કેટલા છે ને તેના નામ?

ઉ—પાંચ ૧મનબળ. ૨વચનબળ. ૩કાયાબળ. ૪સાસોશ્વાસ. ૫આયખુ.

પ્ર—પટોશ્વર કેટલા છે ને તેના નામ?

ઉ—પાંચ ૧જળ ૨પૃથ્વી. ૩વાયુ. ૪આકાશ. ૫તેજ.

પ્ર—એ પાંચે પટોશ્વરની હાથ નીચે કેટલા કેટલા જમાદાર છે?

ઉ—હરેકની સાથે પાંચ પાંચ.

પ્ર—જળના હાથ નીચેના જમાદારના નામ કહો?

ઉ—૧લોહી. ૨કફ ૩પીત. ૪જવર. ૫પરસેવો.

પ્ર—પૃથ્વીના હાથ નીચેના જમાદારના ના

म कहो?

उ—१चाम. २हाड. ३मांस. ४रूवांटा. ५नस.

प्र—वायुना ताबाना जमादारना नाम शां छे ते कहो?

उ—१ऊंघ. २आळस. ३तरशा. ४भुख. ५कांती

प्र—आकाशना जमादारना नाम कहो?

उ—१साच. २जुठ. ३मोह.४लोभ. ५अहंकार.

प्र—मन राजाना सलाहकार केटला छे ने तेना नाम?

उ—चार. १मन. २बुद्धि. ३चीत.४ अहंकार.

प्र—काया नगरीना केटला दरवाजा छे?

उ—दश.

प्र—मन राजाने केटली राणीओछे ने तेओना नाम?

उ—बे. १परवरती. २नीरवरती.

प्र—परवरती राणीने केटला छोकरा छे ने तेना नाम?

उ—पांच. १मोह. २काम. ३क्रोध. ४लोभ

પમાન.

પ્ર—એ પાંચેની બેનનુ નામ શું?

ઉ—આશા

પ્ર—નીશ્વરતો રાણીને કેટલા છોકરા છે ને તેના નામ?

ઉ—પાંચ. ૧અચેત. ૨અજ્ઞાન. ૩શોક. ૪શોખ પરદ્રોહી.

પ્ર—એ પાંચે ભાઇની બેનનું નામ શું?

—મીથ્યા.

પ્ર—કામની સ્ત્રીનું નામ શું?

ઉ—રતી.

પ્ર—રતીને કેટલા પુત્ર અને પુત્રીઓ છે ને તેના નામ?

ઉ—પાંચ પુત્ર અને એક પુત્રી. પુત્રના નામ. ૧મદ. ૨મચ્છર. ૩ઉન્માદ. ૪અધક. ૫હુંસા. પુત્રીનું નામ. વીખીઆ.

પ્ર—ક્રોધની નારીનું નામ શું.

ઉ—હીંસા.

પ્ર—તેને કેટલા છોકરાને કેટલી પુત્રી ? તેના નામ !

ઉ—પાંચ છોકરાને એક છોકરી. છોકરાના નામ. ૧કુવચન. ૨અહંકાર. ૩મમતા. ૪ઢંગા. ૫રીસાળ. છોકરીનુ નામ. અદયા.

પ્ર—લોભની સ્ત્રીનું નામ શુ?

ઉ—ત્રશના.

પ્ર—લોભને કેટલા પુત્રને પુત્રીઓ છે!

ઉ—પાંચ પુત્રને એક પુત્રી. પુત્રના. નામ. ૧લાલચ. ૨ચાહ. ૩પ્રહ. ૪અચેત. ૫સવારથ પુત્રીનું નામ સુમતા.

પ્ર—માનની સ્ત્રીનુ નામ શું ?

ઉ—અમાવતી

પ્ર—અમાવતીને શો પરીવાર હતો. અ‍ં તેના નામ !

ઉ—પાંચ પુત્ર ને એક પુત્રી. પુત્રના નમ ૧પાખંડ. ૨પ્રપંચ. ૩અશુદ્ધ. ૪ધુત. ૫કુબુધ્ધી છોકરીનું નામ આમન્યા.

પ્ર—મન રાજાની બીજી સ્રી નીરવતીને કેટલા પુત્રને પુત્રીઓ છે અને તેના નામ?

ઉ—પાંચ દીકરા ને એક દીકરી દીકરાના નામ ૧વિવેક. ૨વિચાર. ૩શીયળ. ૪સંતોષ. ૫વઇરાગ. દીકરીનું નામ અણુઆશા.

પ્ર—વીવેક રાજાની સ્રીનું નામ શું?

ઉ—સુમતા.

પ્ર—તેને કેટલા છોકરા છોકરી છે ને તેના નામ?

ઊ—પાંચ પુત્રને એક પુત્રી પુત્રના નામ.૧ જ્ઞાન. ૨પરકાશ. ૩સચેત. ૪ભાવ. ૫નીતી. કુંવરીનુ નામ. સરધા.

પ્ર—વિચારની સ્રીનું શું નામ છે?

ઊ—સુબુધ્ધિ.

પ્ર-વિચારને કેટલા પુત્રને પુત્રી છે. તેના નામ?

ઊ—પાંચ પુત્ર અને એક પુત્રી. પુત્રના નામ ૧અકળ, ૨અકામ. ૩ઊદાસ. ૪સુચી. ૫સુકાંત. પુત્રીનું નામ જુગતી.

પ્ર—શીળની સ્રીનું નામ શું?
ઊ—ખીમા.
પ્ર—ખીમાને શો પરીવાર છે તે કહો?
ઊ—પાંચ પુત્રને એક પુત્રી પુત્રના નામ ૧સહન. ૨દયા. ૩મુની. ૪ગંભીર. ૫ગરજ. પુત્રીનું નામ દીનતા.
પ્ર—સંતોષની સ્રીનું શું નામ?
ઊ—સાંતી.
પ્ર—સંતોષને પુત્ર પુત્રી કેટલા છે?
ઊ—પાંચ પુત્રને એક પુત્રી. પુત્રના નામ ૧સંત. ૨ધીરજ. ૩વિશ્વાસ. ૪નિશ્ચે. ૫કરૂણા પુત્રિનું નામ સમ્બી.
પ્ર—વરાગ્યની રાણીનું નામ શુ છે?
ઊ—વિદ્યા.
પ્ર—વૈરાગ્યને શો પરીવાર હતો તે કહો?
ઊ—પાંચ પુત્રને એક પુત્રી. પુત્રનું નામ. ૧સમદમ. ૨ન્યાય. ૩સંજમ. ૪સુરમત. ૫ઊદાસ પુત્રીનું નામ સરસ્વતી.

પ્ર—ગુપતી કઇ જાણવી?

ઊ—જ્ઞાનને.

પ્ર—ખંજર કીયું?

ઊ—ખીમા.

પ્ર—મન રાજાની રાણી પરવરતીને નીરવરતી બંને શોકયો કોઇ કાળના પ્રસંગે લડાઇ થઇ ત્યારે મન રાજા કોની તરફ થયા?

ઊ—પરવરતીની તરફ.

પ્ર—ત્યારે નીરવરતીની તરફ કોણ થયું ?

ઊ—આત્મારામ

પ્ર—લશકરની રચના કેવી રીતે થઇ અને આખર કોણ જીત્યું તે કહો?

ઊ—પરવરતીની સામે નિરવરતી.

મનની સામે આતમારામ.

મોહની સામે વિવેક.

મીથ્યા સામે સત્ય.

શોકની સામો ભાવ.

અજ્ઞાનનિ સામો જ્ઞાન.

અચેતના સામો ચેત.
વિષયાની સામે જુગતી.
મદની સામા મુક્ત.
અજરની સામા લાજ.
ઈરષાના સામા સંજમ.
અકલજીની સામા અકામ.
હીંસાની સામા ખીમા.
ક્રોધની સામા શીયળ.
નિર્દેયની સામા દયા.

અહંકારની સામા વિનય.
ઈર્ષાની સામા સુમતા.
રીસની સામા સહનતા.
લોભની સામા સંતોષ.
અભીમાનની સામા ઉદારા.

ધુઃકૃતના સામો વરઃત.
દંશના સામો વઇરાગ.
પરપંચના સામો સમદમ.
પાખંડના સામો ન્યાય.

અશુદ્ધના સામો શુદ્ધ.

જુઠના સામો સાચ.

અણુ આસાના સામે આશા.

આખર નિરવરતીની જીત થઇ માટે મરવે પ્રાણીઓએ પરવરતી એટલે કુમતીનો સંગ ન કરતાં નીવરતી એટલે સુમતીનો સંગ કરવો.

પ્ર—સંસારને સમુદ્રની ઊપમા આપીતો સમુદ્રમાં તો પાણી હોય છે. સંસાર સમુદ્રમાં પાણી કીયુ?

ઊ—જન્મ જરા મરણ રૂપ પાણી.

પ્ર—સમુદ્રમાં કીચડ હોય છે તો સંસાર સમુદ્રમાં કીચડ કીયો?

ઊ—કામભોગ રૂપી કીચડ.

પ્ર—સમુદ્રમાં તો ખાડા હોય છે તો સંસાર સમુદ્રમાં ખાડા કીયા?

ઉ—વસના રૂપ ખાડા.

પ્ર—સમુદ્રમાં માછલાં હોય છે તો સંસાર સ

મુદ્રના માંછલા કોણ.

ઊ—કુટુંબ આદીક માંછલાં.

પ્ર—સમુદ્રમાંતો મોજા થાય છે તો સંસાર સમુદ્રમાં મોજા કીયાં?

ઊ—અહંકાર, મમકાર આદી મોજા

પ્ર—સંસાર માંહે તો મગરમચ્છ હોય છે તો સંસાર સમુદ્રમાં મગરમચ્છ કીયા ?

ઊ—દગો. કુડકપટ વીગેરે મગરમચ્છ.

પ્ર—સમુદ્ર માંહી ડુંગર હોય છે તો સંસાર સમુદ્રમાં ડુંગર કીયા?

ઉ—આઠ કર્મ રૂપ ડુંગર.

પ્ર—સમુદ્રમાં તો કળશા હોય છે તો સંસાર સમુદ્રમાં કળશા કીયા ?

ઉ—ચારગતી રૂપ કળસા.

પ્ર—સમુદ્રમાં તો અગ્ની હોય છે તો સંસ સમુદ્રમાં અગ્ની કઇ ?

ઉ—ક્રોધરૂપી અગ્ની.

પ્ર – સંસારમાં પ્રવહણ વીગેરે ડુબે છે તો સં

સાર સમુદ્રમાં કોણ ડુબે છે ?

ઉ— લોભ વશ થયા તે પ્રાણી.

પ્ર—સમુદ્રમાં તો તરે છે તો સંસાર સમુદ્ર માંથી કોણ તરે છે?

ઉ—વીતરાગની વાણી સાંભળી તે પ્રમાણે ચાલે છે તે. તથા વીતરાગની આજ્ઞા માને છે તે.

પ્ર—સમુદ્રમાંતો મોતી પાકે છે તો સંસાર સમુદ્રમાં મોતી કીયું.?

ઉ—ચતુર વિદ્ય સંગ મોતી રૂપ છે.

પ્ર—સમુદ્રને કાંઠો હોય છે તો સંસાર સમુદ્રનો કાંઠો કીયો?

ઉ—સિધ્ધસલા રૂપી કાંઠો.

પ્ર—દેવ કીયો?

ઉ—અરીહંત બારગુણે બિરાજમાન, ચોત્રીશ અતિશયના ધારક, પાંત્રીશ વાણીએ શોભતા.

પ્ર—ધરમ કીયો?

ઉ—દયા.

પ્ર—ગુરૂ કોણ ?
ઉ—હિત ઉપદેશ કરનાર સુ સાધુ.
પ્ર—સુખ કીયુ?
ઉ—ઉદાસીનતા.
પ્ર—દુઃખ કીયુ?
ઉ—જન્મ મરણ.
પ્ર—જ્ઞાન કીયુ?
ઉ—આત્મ બોધ થાય તે.
પ્ર—અજ્ઞાન કીયુ?
ઉ—સંસારમાં ભ્રમણતા રાખવીતે.
પ્ર—ધ્યાન કીયુ?
ઉ—ચિતનો નિરાધ કરવો તે.
પ્ર—વૈરાગી કોણ?
ઉ—ભગવાન.
પ્ર—ધ્યાતુ શુ?
ઉ—જિનમતનો તત્વારથ.
પ્ર—મોહોટુ માન કીયુ?
ઉ—ભવ્યતા પામવી તે.
પ્ર—અપમાન કીયુ?

ઉ—જગતમાં અભવી પણ હોય તે.

પ્ર—જીવ કીયો?

ઉ—ચેતન લક્ષણુવાળો.

પ્ર—અજીવ કોણ.?

ઉ—ચેતન વગરનો.

પ્ર—પુણ્ય કીયું.?

ઉ—ઉપગાર કરવો તે.

પ્ર—પાપ કીયુ?

ઉ—પરને પીડા કરવી તે.

પ્ર—આશ્રવ કર્મ કીયું.?

ઉ—નવા કર્મ બાંધવા તે એટલે પાપ પુન્ય કરવું તે.

પ્ર—સંવર કર્મ કીયું.?

ઉ—બાંધેલા કર્મનો ક્ષય કરવો તે.

પ્ર—નિર્જરા કયા?

ઉ—દ્વાદશવિધિના તપનો જરાપણ નિર્મળ હંસ હોય તેને.

પ્ર—બંધન કીયું.?

ઊ છેદન ભેદનાં કરવું તે.

પ્ર—મોક્ષ ક્યારે થાય.?

ઉ—છેદન ભેદન વીગેરે ઉપર અભાવ રાખે ત્યારે.

પ્ર—હેય કોને કહેવું?

ઉ—પરપરણતી તથા મમતાદિક રાખવી તેને.

પ્ર—જ્ઞેય કોને કહેવી?

ઉ—સ્વપર ભાવ રાખવો તે.

પ્ર—ઉપાદેય એટલે શું?

ઉ—આતમાના ગુણને જાણવા તે.

પ્ર—બોધ કોને કહેવો?

ઉ—મિથ્યા દ્રગને રોકવો તેને.

પ્ર—અબોધ કોને કહેવો?

ઉ—મિથ્યા દ્રગને ગ્રહણ કરે તેને.

પ્ર—સુ વિવેક કોને કહેવો?

ઉ—આત્મા શુધ્ધ થવાની ચિંતા કરે તેને.

પ્ર—અવિવેક કોને કહેવો?

ઉ—આત્માને હરેક કુકૃત્યોથી પોસવો તેને તથા જડતાને.

પ્ર—સુધ્ધ આતમભાવ ક્યારે પ્રગટ થશે?

ઊ—સુધ્ધ આતમ દ્રવ્ય ઉપર ઊપયોગ ઠરશે તો.

પ્ર—સંસારની મોહ જાળમાં પડવાથી શું નથી થવાનુ?

ઊ—૧પરમાત્મ દશા પ્રગટ થવાની નથી. ૨થીરતા થવાની નથી. ૩અથીરતા જવાની નથી.
૪કર્મ ચક્રનો ફેરો ટળવાનો નથી.

પ્ર—આતમાના જ્ઞાનાદીકનું મુળ શું ને તે ક્યાં છે?

ઊ—આત્મા તે પોતાનીજ પાસે છે. પણ ખાલી અને ખોટી ભ્રમણાને લીધે તથા અવરમાં ધ્યાન હોવાને લીધે તેની જાણ થતી નથી. જેમકે કસ્તુરી, મૃગની દુંટીમાં છે પણ તે ભ્રમણાને લીધે બીજે શોધે છે; કારણ કે કસ્તુરી તેની પાસે છે એવી તેને ખબર નથી. વળી પોતાના ઘરમાં ધન દાટેલું છે પણ તે ધનના વાસતે આપતીઆં મારે છે છોકરૂં ઓની કે

ડ હોય પણ તે દેખતી નથી અને આમ તેમ ખોળ્યા કરે છે; તેસઘળાનું કારણ એ છે જે તે બાબતનું તેને જાણ પણ નથી.

દરેક પ્રાણી માત્ર જીવ મીથ્યાત, અજ્ઞાનને અંધ તે પોતાનો આતમા રૂપી પરમાતમા પોતાની પાશેછે તેને દેખતા નથી. આતમા ઉપર નજર જતી નથી અને આતમીક ધન અવિનાશી પોતાના ચેતન દ્રવ્યમાં છે તે ભમણા ને વસે ભુલી જઇને આતમીક ધન અથવા આતમીક વસ્તુ પુદગળ દ્રવ્ય, ધન, પુત્રકલત્ર ઘરાદીકમાં છે એવું જાણી તેની સેવા અહુરની શ મન, વચનને કાય જોગથી કરે છે તેમા તે માર ખાયછે, દુઃખ ભોગવે છે, સંજોગ વિજોગ થાય છે, અને ત્રપતી, સંતોષ થતો નથી, તે આતમાને જાણતો નથી અને ખાલી ભ્રમણામાં ભટક્યા કરે છે.

પ્ર—અજાણ કોને કહેવો?

ઉ—જેણે આતમ સ્વરૂપ જાણ્યુ નહી તેને.

પ્ર—જીવને કોઇપણ પ્રકારનું દુઃખ કયોરે ન રહે ?

ઉ—પરમેશ્વર પોતાનો આત્માજ છે ને ધન, કુટુમ્બ સર્વ આતમામાંજ છે એહેવું જે સદ્‌ગુરૂ બતાવે અને પોતાને તેની પરતીજ, શ્રધ્ધા થાય અને પોતાના આતમાના સ્વરૂપમાં થીરથાય અને અવર સુખની શ્રધાથી ફરતો હતો તે ભ્રમણા મટી જાય ત્યારે.

પ્ર—ભ્રમણા કોને નથી હોતી ?

ઉ—૧જેને જન્મ મરણનો ભય નથી. ૨પોતાની આત્મીક વસ્તુ અમર દેખે છે. ૩આતમા પરઆતમા જ્ઞાનાદીક અખંડ, સાસવત, અવિનાશી જાણે છે તેને કોઇ કાળે કોઇ પણ વસ્તુની ભ્રમણુતા રહેતી નથી.

પ્ર—આતમા કેવો છે ?

ઉ—જ્ઞાન મુરતી છે, નિરાકાર, અખંડ નીરલેપ છે, અઘડીત છે, સદા પુજ્ય પવિત્ર છે, મલીન પણાથી રહીત છે.

પ્ર—આતમાની મુકિત કયારે નથી ?

ઉ—ક્રોધ પણ જુઠી ક્રીયાથી.

પ્ર. સાચુ સુખ, સાચા દેવ અને સાચી ભક્તિ કઇ?

ઉ—આત્મ ભાવમાં રહેવું એજ સાચુ સુખ.

આતમા એજ સાચો દેવ.

આતમાની ભક્તિ કરવી એજ સાચી ભક્તિ

પ્ર—કર્મ જાળથી છુટવા માટે શું કરવું?

ઉ—આતમ દેવની શેવા કરો, આત્મ રૂપમાં રાગદ્વેશ રહીત રમો, બહાર્ઝ દ્રષ્ટી છોડો.

પ્ર—આતમા અનાદી કાળનો સમભાવ રૂપી પાણી વગરનો ત્રષાવંત છે તથા હીંસાથી મલીન છે તે શાથી તૃષા મટે તથા શુધ્ધ થાય?

ઉ—સમભાવ રૂપી પાણી ગરગટ કરવું કે જેનાથી ત્રષા મટે અને ૧૮ પાપસ્થાનક રૂપ મેલનો નાશ થાય ત્યારે શુધ્ધ થાય.

પ્ર—આતમા રૂપી ઝરામાંથી કેવું પાણી વહે છે.

ઉ—સમભાવ રૂપી.

પ્ર—અઢાર પાપસ્થાન રૂપ જમીન શાને વડે ખોદવી ?

ઉ—સંવર ભાવ રૂપ દયાની કોદાળી વડે.

પ્ર—તૃષ્ણા શાથી નથી મટતી?

ઉ—આતમા રૂપી ઝરો, હીંસા જમીનમાં વધારે દબાઇ જવાથી.

પ્ર—પુન્ય તથા પાપનો બંધ શાથી થાયછે?

ઉ—ધનથી.

પ્ર—અબંધ તથા મોક્ષ શાથી થાય?

ઉ—૧આતમ સ્વભાવથી. ૨સમ ભાવમાં રહેવાથી. ૩આતમગુણ થીરતાથી.

પ્ર—કરમ કીયા. આશક્તિથી કરનારને કેવો જાણવો ?

ઉ—ચારગતી બંધીખાનામાં પડનાર ગુનેગાર.

પ્ર—કર્મનો બંધ શાથી થાય ?

ઉ—૧પરભાવમાં રમવું. ૨પુદગળના ઢગલા કરી રાખવું. ૩પુદગળના વિષય એકઠા કરી રાખવું. ૪ઉલ્લાસ થવું. ૫ભાવ માનવો ૬કીયાએ કર્મ આશકિત રાખવાથી.

પ્ર—ધર્મ એટલે શું?

ઉ—આતમાના ઉપયોગમાં રહેવું.

પ્ર—કઇ વસ્તુ અંગીકાર કરવી?

ઉ—ગુરૂના મુખનું વચન.

પ્ર—કઇ વસ્તુ છાંડવી?

ઉ—અકાર્ય.

પ્ર—અકાર્ય એટલે શું?

ઉ—પાપી પણું.

પ્ર—ગુરૂ કોને કહેવા?

ઉ—તત્વના જાણ.

પ્ર—તત્વ એટલે શું?

ઉ—જીવાજીવ જાણે તે.

પ્ર—ઉતાવળું શું કરવું?

ઉ—પંડીત તથા મુનીરાજ માહારાજની સોબત કે જે સંસારનો છેદ કરે.

પ્ર—મોક્ષ વૃક્ષનું બીજ ગુરૂ શું કહે?

ઉ—શુદ્ધજ્ઞાન ક્રીયાસહીત ગ્રહણ કરવું તે.

પ્ર—મોક્ષ માર્ગે જવા માટે કેવું ભાથું લેવું?

ઉ—ધર્મ રૂપ અખંડ ભાથું લેવું.

પ્ર—પવિત્ર કોને કહિયે ?
ઉ—જેનું મન નિર્મળ હોય તેને.
પ્ર—પંડીત કોને કહીએ ?
ઉ—વિવેકી તથા શુધ્ધ જ્ઞાન વંતને.
પ્ર—પંડિત કોણ ?
ઉ—સ્વપરના જાણ તે.
પ્ર—વિષ એટલે ઝહેર કોને કહેવું ?
ઉ—ગુરૂનું વચન ન માનવું એ જેહેર સરીખુ જાણવું.
પ્ર—સંસારમાં સાર શું ?
ઉ—દુખે પામવાજોગ એહેવો ઉત્તમકુળ સહિત મનુષ્ય અવતાર.
પ્ર—મદીરા પેઠે જીવને મોહો કોણ ઉપજાવે?
ઉ—સ્નેહ એટલે દ્રષ્ટી રાગ.
પ્ર—સંસારમાં ચોર કીયા ?
ઉ—ચાર વિષય. (ક્રોધ, માન, માયાને લોભ)
પ્ર—તે ચોર શી વસ્તુ લુટી લે છે ?
ઉ—શીલ રૂપ ધન.
પ્ર—સંસારને વેલા માફક વધારનાર કોણ છે?

ઉ—ત્રશના.

પ્ર—જીવનો વેરી કોણ?

ઉ—પ્રમાદ.

પ્ર—જીવને મોટો ભય કીયો?

ઉ—મરણ. તે સમાન બીજો ભય નથી.

પ્ર—અંધમાં અંધ કોને કહીએ?

ઉ—અધીક રાગી. તે પુરૂષ અંધ જાણવા.

પ્ર—સુરવીર કોને કહીએ?

ઉ—સ્ત્રીઓના નેત્રરૂપ બાણુ વિંધાય નહીં તેને.

પ્ર—કાનરૂપ અંજલીએ કરી અમ્રતની પેઠ શું પીવું?

ઉ—ભલો ઉપદેશ રૂંપ તત્વ પીવો.

પ્ર—વડાઇનું મુળ શું?

ઉ—કોઇપણ વસ્તુની યાચના ન કરવી તે.

પ્ર—સંસારમાં ગહન વસ્તુ શી છે?

ઉ—સ્ત્રી ચરીત્ર. કેમકે એહુનો કોઇ પાર પામતું નથી.

પ્ર—ચતુર કોને કહેવો?

ઉ—સ્ત્રી ચરીત્રથી ઠગાય નહીં તે.

પ્ર—દરીદ્રી કોને કહીએ ?

ઉ--૧બીજાની પાસે માગે તેને. ૨પરાઇ આશા રાખે તેને.

પ્ર—હલકાઇ પણું શેમાં છે ?

ઉ-બીજાની પાસે માગવું તે સમાન હલકાઇ નથી.

પ્ર—જીવીત શું?

ઉ—પાપ કર્મ ન કરવું તે.

પ્ર—મુરખ પણું કીયું ?

ઉ—ગુરૂ છતાં ન જાણવું તે.

પ્ર—જાગતો માણસ કોણ. ?

ઉ--વિવેકી પુરૂષ.

પ્ર—જીવને નિંદ્રા કઇ ?

ઊ-જીવને મુરખ પણું; એ અઘોર નિંદ્રા છે.

પ્ર—કમળના પાનમાં પાણીની પેઠે ચંચળ વસ્તુ કહી છે. ?

ઊ-જીવિત, ધન અને આયુષ. એ ત્રણ અતિ ચંચળ છે.

પ્ર—ચંદ્રમાની પેઠ શીતળ અને શુખદાઇ

કોણ છે ?

ઉ-સર્જન તથા સાધુ માણસ સુખદાયી જાણવા.

પ્ર—નરક કોને કહીયે ?

ઉ—પરવશ પણું એટલે પરાધીનતા પણું.

પ્ર—સુખ શેને કહિએ?

ઉ—સર્વ વસ્તુને છોડવી રાગદ્વેષ વીગરે આઠ કર્મ તજવા એ પરમ સુખ છે!

પ્ર—સાચ તે શું?

ઉ—સર્વ જીવને હીતકારી બોલીએ તે સાચું બાકી સર્વ જુઠું.

પ્ર—વાહલી વસ્તુ શી છે?

ઉ—પ્રાણ. એ સર્વથી વહાલામાં વહાલી વસ્તુ છે.

પ્ર—દાન કેવી રીતે આપવું.

ઉ—વંછા રહીત.

પ્ર—મીત્ર કોને કહિયે?

ઉ—પાપથી નીવારે, ધર્મ માર્ગ દેખાડે તેને

પ્ર—મોહોટા અમુલ્ય ઘરાંણાં કીયાં?

ઉ—શીયળ.

પ્ર—મુખની શોભા કઇ?

ઉ—સાચુ બોલવુ તે.

પ્ર—કીયા કારણોથી અનર્થ ઉપજે?

ઉ—મનં મોકળુ મુકવા થકી.

પ્ર—સુખદાઇ વસ્તુ કઇ?

ઉ—સર્વ જીવ સાથે મીત્રાઇ રાખવી એ સુ-
ખનું મુળ છે.

પ્ર—ડાહ્યા માણસ કોણ?

ઉ—૧સર્વ પાપનો ત્યાગ કરે તે.૨સર્વ વ્યસન
ને ટાળે તે

પ્ર—આંધળો કોણ?

ઉ—અકાર્ય કરે તે.

પ્ર—બેહેરો કોણ?

ઉ—જે હીતની વાત ના સાંભળે તે.

પ્ર—મુગો કોણ?

ઉ—પસતાવા વખત મીઠું વચન ના બોલે તે

પ્ર—મરણ કોને કહીએ?

ઉ—મુરખ પણાને

પ્ર—અમુલ્ય વસ્તુ શી?

ઉ—અવસરે થોડું પણ દાન દઈએ તે.

પ્ર—જીવતા સુધી સાલે તે શું?

ઉ—જે છાનુ પાપ કરીયે તે.

પ્ર—જતન કોનું કરીયે?

ઉ-૧વિદ્યાનો અભ્યાસ, તેહેનું ૨ભણવું ઔષધ ૩દાન ૪ શીખનું.

પ્ર—કઇ વસ્તુની ઉપેક્ષા કરીયે?

ઉ—૧દુરજન પ્રાણીની. ૨પરસ્ત્રીનિ. ૩પર ધનની.

પ્ર—રાત દીવશ મનમાં શું ચીતવવું.

ઉ—સંસારનું અસારપણું.

પ્ર—વલ્લભ કઇવસ્તુ છે?

ઉ—કરૂણા વાળી દયા.

પ્ર—મીત્ર કોહોને કહેવો?

ઉ—કામ પડે છેહુ ન દે તેને.

પ્ર—કેવાંની આગળ, કંઠે પ્રાણ આવે તો પણ મનની વાત ન કરવી?

ઉ—૧મુરખ. ૨સ્વાર્થી. ૩અહંકારી. ૪કૃતઘ્ને. ૫સ્ત્રી એટલા સાથે છાની વાત ન કરવી.

પ્ર—પુજનીક કોણ?
ઉ—૧જેહનો ભલો આચાર હોય તે. ૨જ્ઞાન.
શ્રીજીનેશ્વરદેવ.
પ્ર—કીયા માણસે જગતને જીત્યો?
ઉ—૧સત્ય બોલે. ૨ક્ષમા રાખે.
પ્ર—દેવતા કોને નમે?
ઉ—દયા પાળે તેને.
પ્ર—સંસારી સર્વ જીવ કોનેવશ થાય છે?
ઉ—સાચુ બોલનાર તથા વીનીત હોયતેહને.
પ્ર—કોની પાસેથી નાશી જવું?
ઉ—સંસાર રૂપ અટવિ પાસેથી.
પ્ર—કેવા માર્ગે ચાલવુ?
ઉ—ન્યાય માર્ગે ચાલવું.
પ્ર—વીજળીની પેઠે ચંચળ શી વસ્તુ છે?
ઉ-કુડામાણસની સોબત તથા સ્ત્રીની સોબત.
પ્ર—કોણ કુળના આચારથી ના ચુકે?
ઉ—સતપુરૂષ પોતાના કુળાચારથી ના ચુકે.
પ્ર—સોચ સદા કોને રહે?
ઉ—ધન પામે તોપણ સદા સોચજ કરે.

પ્ર—થોડી લક્ષ્મી હોય પણ તેની પ્રસંસા શાથી થાય?

ઊ—જે જીવ થાડુએ ઊદાર ચીત સુભ ઠામે ધન વાવરે તેની.

પ્ર—મોટા કોણ?

ઊ—ક્ષમા કરે તે.

પ્ર—શી વસ્તુ ચીંતામણી રત્નની માફક દુરલભે પામીયે?

ઊ—૧મીઠા વચન સહીત દાન. ૨અહંકાર રહીત જ્ઞાન ૩ક્ષમા સહીત ઠકુરાઈ.૪દાન સહીત ધન એ ચારે વાના પામવા અતી દુર્લભ છે.

પ્ર—દુશમનથી કોણ બીહે નહી?

ઊ—૧અગ્ની. ૨સત્ય ૩જળ. ૪કામની. ૫ રાજેશ્રી. ૬ચોર ૭હથીઆર.

પ્ર—શાથી કામ બગડે?

ઉ-૧બિલાડાને દુધ સોંપવાથી ૨વાંદરાને બગીચો સોંપ્યાથી. ૩દુશમનને કામ ભળાવ્યાથી.

પ્ર—ઊતમ નરનુ લક્ષણ શું?

ઊ—૧પ.પ થકી બીહે તે. ૨ચાર સરણુ કરે.

પ્ર—પહેલું સરણ કીયું?

ઉ—અરીહંતનું. જે ૧૮ દોષ રહીત સમવ સરણ મધે ધર્મ પ્રકાસે, ૩૪ અતીશય ધારક, ૩૫ વાણીએ બીરાજમાન, ૧૨ ગુણે સોભતા.

પ્ર—બીજું સરણ કોનું?

ઉ—સિદ્ધ નિરંજનનું સુખ, બળ, વિર્ય અનંત જ્ઞાન, અનંત અચળ, અક્ષયપદ, ભવનો અંત કીધો તેનું.

પ્ર—ત્રંજુ શરણુ કોનું ?

ઉ—સાધુનું. સતાવીશ ગુણે શોભતા, પંચ મહાવ્રત ધારી, સુમતી, ગુપતી, ચારીત્ર જે પાળે, જ્ઞાન ક્રીયા રાત દહાડો પાળે.

પ્ર—ચોથુ શરણુ કોનું ?

ઉ—ધર્મનું. જે જીનવરે ભાખેલો તેમુળ દયા, અનુકુળ મુક્તિ.

પ્ર—જગતમાં આંધળા કીયા ?

ઉ—૧કામાંધ ૨ક્રોધાંધ. ૩મદાંધ. ૪લોભાંધ. ૫મોહાંધ. ૬સ્વાર્થાંધ. (એટલા છતી આંખે દેખતા નથી.)

પ્ર—જગતમાં શું મુશ્કેલ છે ?

ઊ—૧કામદહન. (કામને સમાવવો) ૨મન, વશ કરવું. ૩મોક્ષ જવું.

પ્ર—પ્રાણી માત્રનો શત્રુ કોણ ?

ઉ—મનોવિકાર.

પ્ર—મનના વિકારને કોણ બગાડવા દેતુ નથી.

ઊ—મનનો નિગ્રહ.

પ્ર—મનની ઊત્પતિ સ્થાન કીયાં ?

ઊ—૧શબ્દ. ૨સ્પર્શ. ૩રૂપ. ૪રસ. ૫ગંધ. ૬ લોભ. ૭મોહ. ૮ક્રોધ. ૯મદ. ૧૦માત્સર્ય. (અહંભાવ).

પ્ર—મન, શત્રુ તથા મીત્ર ક્યારે કહેવાય ?

ઉ—વશ રહ્યું તો મીત્ર. ને હદ છોડી ગયું તો શત્રુ.

પ્ર—મન, વાહવાહ કયારે કરાવે છે, ને ધિઃકાર કયારે અપાવે છે?

ઉ—નીતિ ને યોગ્ય રસ્તે હોય તો વાહવાહ કરાવે છે. ને અનીતિને અયોગ્ય માર્ગે ઊતર્યો તો ધીકાર અપાવે છે.

પ્રે--મનોવિકાર એટલે શું ?

ઊ--કરેલી ગોઠવણથી ચલાયમાન થવું અથવા હલાવી નાંખવું અથવા સમાધાનનો ભંગ કરવો, શંકા કંખા, શંકલ્પ વિકલ્પ વિગેરે કરવું તે.

પ્ર--મનોવિકાર થયો એ શાથી સમજાય ?

ઊ--મનમાં ઊ.પાત અથવા તર્ક વિતર્ક થાય ત્યારે.

પ્ર--આ સંસાર સાગરમાં ચાલતા નાવને કીયો પવન ઉંધુવાળે છે ?

ઊ --મનોવિકાર.

પ્ર--ક્રોધનું મુળ શું ?

ઊ--૧કાણાને કાણો કહે ૨પરની ઇચ્છાથી અવગુણ કરે. ૩કડુ વચન બોલવું. ૪દુશ્મનતા રાખવાં. ૫વિશ્વાસઘાત કરવો. ૬કસુર કરવી. ૭હરી લેવું. ૮ઇષ્ટ વસ્તુનો વિનાશ કરવો ૯ ક્રોધને અપ માન આપવું. ૧૦વિનાકારણે ક્રોધને નિદ્રાપાત કરવું ૧૧સ્ત્રીનો વ્યભિચાર. ૧૨વ-

ર્મનુ ઊત્થાપન કરવું. ૧૩શાંતીનો ભંગ કરવો. વીગરે. તેમાં ૧૧—૧૨ તથા પ્રીય વસ્તુનો નાશ થવો એ ત્રણેથી પ્રગટ તો ક્રોધ. જ્વાળા મુખી જેવો તથા ભયંકર હાણી કર્તા છે.

પ્ર—લોભનું મુળ કીયું?

ઉ—જર, જમીન, જોરૂ, કીર્તિ, મુક્તિ, ભક્તિ.

પ્ર—મોહનું મુળ કીયું?

ઉ—રૂપ, ગુણ, કર્મ, વિષય, વસ્તુમાં અતીપ્રિતી

પ્ર—મદનુ મુળ કીયું?

ઉ—૧કોઇપણ વસ્તુની અછત હોય ને એકદમ છત થાય તે ૨ગુણ. ૩રૂપ. ૪ધન ૫જોબન. ૬ કુલિનપણું. ૭ વિદ્વતા. ૮માન. ૯અધિકાર. ૧૦ પુત્ર. ૧૧પરીવાર.

પ્ર—માત્સર્ય અથવા મત્સર એટલે અદેખાઇ નું મુળ કીયું?

ઉ—૧બુધ્ધિ. ૨ધન. ૩બળ ૪આયુષ્યની હાની. ચિંતાને પ્રબળ કરે છે, ને ચિંતાનો દેહ અંત આણે છે.

પ્ર—લોભની સ્ત્રી કોણ.?

ઉ—૧આશા. ૨તૃષ્ણા.

પ્ર—મદની સ્ત્રી કઇ?

ઉ—૧ક્રુરતા. ૨નિર્દયતા.

પ્ર—મદ કેવી સંપતીને લુંટીલેનાર લુટારો છે?

ઉ—૧શુદ્ધિ. ૨બુદ્ધિ. ૩વિદ્યા. ૪શિયળ.

પ્ર—મત્સરની બેન કઇ?

ઉ—૧અદેખાઇ. ૨ઇર્ષા.

પ્ર—જેને શત્રુ મીત્ર, તથા ઝેર અમૃત વીગેરે સર્વ સરખું ગણ્યું તેને કેવો વિકાર ઉત્પન્ન થયો કહેવાય?

ઉ—વિતરાગનો વિકાર.

પ્ર—તે વિકાર ઉપજાવવાનો હેતુ શો?

ઉ—મોક્ષેચ્છા.

પ્ર—કયા વિકારો શરીરના સણગાર છે ને સુખ રૂપ છે?

ઉ—૧પ્રેમ. ૨દયા. ૩ઉપકાર. નિયમ રાખી ત્રણે વિકારોને સેવે તો ફાયદા થાય પણ તેને

હુઃ બહાર સેગવેથી અતિ હાની કર્તા છે.

પ્ર—કેવા માણુસને જડ ભરત જાણવો?

ઉ—નિર્દોષી બાળકનો કે પાપ રહિત પ્રાણિ નો વિના કારણ વધ થતાં જેને ક્રોધ ન વ્યાપે તેને.

પ્ર—બળઃ કેવા માણુસને જાણવો?

ઉ—આંખ આગળ અનિતિ થતી જોઇ જેની આંખમાં વીર આવી ફફડી ન ઉઠે તેવાને.

પ્ર—સંસારમાં ભુત કોણ?

ઉ—ક્રોધ.

પ્ર—મદિરા કઇ?

ઉ—મેહ તથા આસ્થા.

પ્ર—મોહ શેના ઉપર રાખવો?

ઉ—ધર્મ ઉપર.

પ્ર—શરીરના અંદર કેવો કીડા ઉત્પન્ન થાય કે કલેજાને કોતરી ખાય, ને જંપીને બેસવા ન દે?

ઉ—ઇર્ષ્યા.

પ્ર—ક્રોધ કેવે ઠેકાણે રાખવો.

ઉ—અનિતી વીગરે નીચ કામ થતું હોય ત્યાં તથા ધર્મનું વિઘ્ન દુર કરવામાં.

પ્ર—લોભ કયાં કરવો?

ઉ—ધર્મ સાધનમાં.

પ્ર—ઇર્ષ્યા કયારે કરવી?

ઉ—અવર, જીન ધર્મ સાધતા હોય અને આ પડાથી ન બનતું હોય અગર ન કરતા હોઇએ તે વખતે.

પ્ર—અહંકાર કયાં કરવો?

ઉ—૧ધર્મની ઉન્નતી કરવામાં. ૨ધર્મનો પ્રચાર કરવામાં. ૩ધર્મ પ્રસારવામાં તથા પ્રકાશ કરવામાં.

પ્ર—હમેશ કયું ધન જોડવાની ચીંતા રાખવી?

ઉ—ધર્મરૂપી ધન જોડવાની.

પ્ર—શું તોડવાની મહેનત કરવી?

ઉ—૧રાગદ્વેશ રૂપી બંધન. ૨કુકર્મ. (એટલે પાપ.)

પ્ર—સુર ક્યાં દાખવવુ. ?

ઉ—ધર્મ સાધવામાં તથા વ્રતપચખાણ કરવામાં.

પ્ર—ધર્મનું મુળ કીયું. ?

ઉ—દયા.

પ્ર—નર્કનું મુળ કીયું ?

ઉ—અભિમાન.

પ્ર—મોક્ષ અને સ્વર્ગમાં શો ફેર.

ઉ—અજરામર પદ પામવું તે મોક્ષ. કે જેમાં જનમવું નહી તથા મરવું નહીં. કોઇપણ જાતની આધીવ્યાધી નહીં. સ્વર્ગ એટલે દેવતાઇની ગતીમાં આવવું તે અથવા દેવલોક. ત્યાં જનમવું તથા મરવું પડે છે ત્યાં અનેક સુખની વાંચ્છનાઓ પુરી થાય છે. સ્વર્ગાજીવ મનુષ્ય દેહને માગે છે; મનુષ્ય દેહથી અજરામર પદવી પમાય છે

પ્ર—જગતમાં કુતરી કઇ?

ઉ—કુમતિ.

પ્ર—અશ્વ કીયો?

ઊ—મન. જયાં દોડાવ્યું ત્યાં દોડે. કબજે રાખવાથી સારૂં ફળ મળે ને લગામ ઢીલી મુકવાથી અતિશય નુકશાન કર્તા છે.

પ્ર—મનોવિકારોથી મુક્ત કયારે થવાય.?

ઊ—વૈરાગ્યના ઔાષધનું પાન કરેથી એટલે સંસારિક વિષયોથી વેગળો રહે તોજ મનોવિકારથી મુક્ત થવાય.

પ્ર—સંસાર સમુદ્રના મોજા કીયા.?

ઉ—ઉત્પાત અને મનોવિકાર.

પ્ર—પાન શેનું કરવું?

ઉ—જ્ઞાનનું.

પ્ર—મનને પવિત્ર કેવા રૂપે કરવું?

ઉ—નીતિ અને ધર્મના પુસ્તકરૂપી જળે કરીને એટલે નીતિ અને ધર્મના પુસ્તક વાંચવા જેથી મન થીર રહી આતમા શુદ્ધ કરશે

પ્ર—કવાથ કેવો પીવો?

ઉ—સહન, સીલતા, દયા, શિખણ, સંતોષ

આદી સંદગુણ રૂપી.

પ્ર—કસરત કેવી કરવી?

ઉ—ઇંદ્રીય નિગ્રહનિ. એટલે ઇંદ્રીઓને વશ રાખવી.

પ્ર—સરદીમાં તથા લુમાં ભટકતા ફરવું નહીં તેમ શું ન કરવું?

ઉ—વિચારોને સંસાર સમુદ્રમાં તરતા ન મુકવા.

પ્ર—મનને સદા વષ્ટિત એટલે ઢાંકેલું શાથી રાખવું?

ઉ—૧લોક લજ્જાથી. ૨મર્યાદાથી.

પ્ર—કયા ખાદ્યથી મનને સદા દુર રાખવું?

ઉ—તૃષ્ણા ખાદ્યથી.

પ્ર—મનને કેવી રીતે રાખવું?

ઉ-૧આનંદી. ૨ઐદાર્યતા વાળુ. ૩ધૈર્યતાવાળુ.

પ્ર—મનને બીગાડ થાય ત્યારે તેનો રોગ દુર કરવાને કીયા વૈદને બોલાવવો.?

ઉ—વિવેક બુધ્ધિ વૈદને.

પ્ર—વિકારોની ઉત્પત્તિ વેળાએ સુક્ષ્મ દ્રષ્ટિએ કીયાયંત્ર વડે જોવું.?

ઉ—ધૈર્યરૂપી નળિકાયંત્રથી.

પ્ર—સર્વ પ્રકારના વિકારોનું ઉદ્ભવસ્થાન કોણ છે ને તેને દાબીદેવા માટે શેનું પાન કરવું?

ઉ—ઉદ્ભવસ્થાન તૃષ્ણા છે ને તેનો ઉદ્ભવ થતાં સંતોષામૃતનું પાન કરવું.

પ્ર—ક્રોધરૂપી ગરમીને ઠંડી પાડવા માટે શો ઉપાય કરવો?

ઉ—ક્ષમા અને શાંન્તિનો શરબત પીવો. અથવા કોઇપણ ઉદ્યોગે લાગી જવું. જેમ તાવનું જોર નરમ પાડવા સોડ તાણી પરસેવો વળવા દઇએ છીએ તેમ ગમ મારી જવી જેથી થોડા વખતમાં શાતા થઇ જશે.

પ્ર—લોભ થાય ત્યારે શું કરવું.

ઉ—સંતોષનું સેવન કરવું. અને અતિ લોભેહાણ એ મંત્ર હમેશાં જપ્યા કરવો. મતલબ કે સંતોષ રાખવો.

પ્ર—મોહ ઉત્પન્ન થાયતો શું ઉપાય કરવો.?

ઉ—મોહના મિથ્યા પણા અને તેના પરિણામના જ્ઞાનની જાગૃતીની શીશી સુંઘવી. એટલે મોહનો પરિણામ વિચારવો.

પ્ર—મદરૂપી તાવ ચડયો હોય તેનું શું ઔસડ કરવું ?

ઉ—શ્રેષ્ટ વસ્તુસાથ પોતાની તુલના કરવાનો નાશ લેવો, એથી એ તાવ ઉતરી જશે, તથા વસ્તુ માત્ર નાશવાન અને ચલિત છે એવા જ્ઞાનનું પાન કરવું. મરણનો ભય મનમાં કરવો.

પ્ર—મત્સરનો વિકાર ન વધે અથવા તેના થી દુર રહેવા માટે શું ઉપાય યોજવો.?

ઉ—પાપી વિચારથી દુર રહેવાની પરહેજી પાળવી

પ્ર—મનોવિકાર, શરીરના રોગમાંનો કેવો રોગ છે.

ઉ—ઉડતાચેપી રોગ જેવો છે. માટે તે તાઅડતાઅ ઉપર બતાવેલા ઊપાયો કરવા જેથી

મનના વિકારોને વધ રે। થશે નહી.

પ્ર—મનોવિકારને આવવાનું દ્વાર કીયુ?

ઉ—અજ્ઞાન.

પ્ર—જ્ઞાની શી રીતે ઓળખવો.?

ઊ—જેનામાં નીચે મુજબના લક્ષણુ દેખાતાં હોય તેને જ્ઞાની જાણુવો.

૧અક્રોધ. ૨વૈરાગ્ય. ૩જિતેંદ્રિયપણું ૪ક્ષમા. ૫દયા. ૬સાંતતા. ૭જનં પ્રિયપણું. ૮લોભ. ૯દાતા. ૧૦ભયશોક રહીત વીગરે.

પ્ર—ધર્મની ઢાલ કઇ?

ઊ—ધૈર્ય.

પ્ર—ખાંડુ કીયુ?

ઊ—સત્ય.

પ્ર—અભ્યાસ કઇ પોથીને કરવો?

ઊ—વૈરાગ્યવૃતીરૂપ પોથીનો.

પ્ર—સંસાર ઊપાધિથી મુક્ત થવાનો માર્ગ કીયો?

ઊ—વિતરાગનો માર્ગ.

પ્ર—નીર્ભયતા શેમાં રહેલી છે?

ઉ—પ્રભુ પદમાં.

પ્ર—જેમ ઊંદરને બીલાડીનો, સર્પને નોળીઆનો, બકરીને વાઘનો ભય રહે છે તેમ ભય બીજા કોનાથી રહે છે?

ઉ—ભોગથી રોગનો, સુખથી દુઃખીનો, ધનથી રાજાનો, વિદ્યાથી વાદનો, તપથી ઇંદ્રીયોનો, રૂપથી સ્ત્રીઓનો, મોહથી શોકનો, રજુથી શત્રુનો, કાયાથી કાળનો.

પ્ર—અમૃત કીયું?

ઉ—સંતોષ.

પ્ર—હલાલ કોણ?

ઉ—દોલત

પ્ર—સંસાર પ્રીય કોને છે, ને અપ્રીય કોને છે?

ઉ—અનેક વિષય ઇચ્છાવંત તથા અનેક લાલશાઓથી લપટાયો છે તેને સંસાર પ્રીય છે. ને જે અનેક વાંચ્છનાઓ રહીત છે, તથા જેને વૈરાગ્ય પદ ધારણ કરેલું છે તેને સંસાર અ-

બીય છે.

પ્ર—ચતુર કોને કહેવો?

ઉ—પરભવના સાધકને એટલે મોક્ષગતીની ઇચ્છા રાખનારને

પ્ર—મુરખ કોને કહેવો?

ઉ—નવાં કર્મ કરીને ભવ વધારે તેને.

પ્ર—ત્યાગી કોણ?

ઉ—અચળરાજ પદને એટલે મોક્ષપદને મેળવે તે.

પ્ર—રંક કોણ?

ઉ—લોભીનર.

પ્ર—ગુણવંત કોણ?

ઉ—ઉત્તમ ગુણનો રાગી તે.

પ્ર—જોગી કોણ?

ઉ—જેને પોતાના જાતની મમતા નહીં તે

પ્ર—જતી કોણ?

ઉ—મન ઇંદ્રી વિગરેને જીતે તે.

પ્ર—સંત કોને કહેવો?

ઉ—સાયરની માફક સમતારસ લાગ્યો હોય તેને

પ્ર—મહંત કોને કહેવો?

ઉ—માન વગેરે જેને તજ્યું છે તેને.

પ્ર—શુરવીર કોણ ?

ઊ—કંદર્પ કેતાં કામને વારે તેને.

પ્ર—કાયર કોને જાણવો?

ઉ—૧કામદેવ વીગરેની આણમાને તે. ૨મન વશ ન રાખી શકે તે.

પ્ર—પશુ કોણ?

ઉ—અવિવેકી.

પ્ર—મનુષ્ય કોને જાણવો?

ઉ—જેના ઘરમાં હમેશ આતમજ્ઞાન રમી-રહ્યો છે તેને.

પ્ર—દેવ કોને કહેવો ?

ઉ—દિવ્ય દ્રષ્ટી ધારક જીન દેવ, ચોસઠ ઈં-દ્રના પુજનીક.

પ્ર—બ્રાહ્મણ કોણ ?

ઉ—બ્રહ્મ સ્વરૂપને એટલે મોક્ષ સ્વરૂપને પીછા
ને તે

પ્ર—ક્ષત્રી કોને સમજવો?
ઉ—આઠ કર્મ રીપુને વશ કરે તેને.
પ્ર—વૈસ્ય કોને કહેવો?
ઉ—હાણી તથા વૃધ્ધિને જાણે તેને
પ્ર—શુદ્ર કોને કહિએ?
ઉ—ભક્ષ અભક્ષ જાણે નહિ તેને.
પ્ર—અથિર શું જાણવું?
ઉ—સંસાર.
પ્ર—થિર શું જાણવું?
ઉ—હીતકારી જિન ધર્મ.
પ્ર—ભિરૂસર કોને કહેવું?
ઉ—ઇંદ્રીય સુખને
પ્ર—અગાધ કોને કહેવું?
ઉ—ઇંદ્રીયોને ગોપવી તેને.
પ્ર—તપ કીયો?
ઉ—ઇચ્છા રે.ધન.

પ્ર—ઊત્તમ જાપ કીયો?

ઉ—નવકાર મંત્ર.

પ્ર—સજંમ કોને કહેવું?

ઉ—આતમામાં થીરતા ભાવ રાખવો તે; કે જે ભવ સમુદ્ર તરવાને નાવ રૂપ છે.

પ્ર—ચોર કોને જાણવો?

ઉ—છતી શકિતએ શકિત ગોપવી, વ્રત પચખાણ વીગેરે ન કરે તે.

પ્ર—સાધક કોણ?

ઉ—શીવને સાધે તે

પ્ર—અતિદુર્જય શું?

ઊ—મનની ગતી.

પ્ર—અધિક કપટ કોનામાં હોય?

ઉ—નારીમાં.

પ્ર—નીચ કોણ?

ઊ—પરનો દ્રોહ એટલે ભંડું વિચારે તે.

પ્ર—ઊંચ કોને જાણવો?

ઊ—નવિકથા એટલે પરની નીંદા નીવારે તે.

કોનાને ફકીર બરાબર જાણુ. ફહરખ અને
ક કદી પણ મનમાં ધારે નહીં તે.

પ્ર—અતિ પ્રચંડ અગ્ની કીયો?

ઉ—ક્રોધ.

પ્ર—દૂર દમ માતંગ એટલે જોરાવર હાથી કોણ

ઉ—માન.

પ્ર—વિષવેલી કઇ?

ઉ—માયા.

પ્ર—સાયર કીઓ?

ઉ—લોભ.

પ્ર—કોનાથી હમેશ ડરવુ?

ઉ—નીચ સંગતથી.

પ્ર—ચાહીને મળવું કોને ?

ઉ—સંતને.

પ્ર—કોની સંગતથી ગુણની વૃદ્ધિ થાય?

ઉ—સાધુની.

પ્ર—કોની સંગતથી આબરૂને હાણી પહોચે છે?

ઉ—નારીની.

પ્ર—ચપળા અને ચંચળ શું?

ઊ—નરઆયુ. જેમ વાયુ વાયાથી પાનખરી જાય છે તેવીરીતે આયુ ખપી જાય છે. વળી પાણીનું ખાઓચીયું સુર્યના તાપથી જલદી સુકાઇ જાય છે, તથા લક્ષમી પણ પળમાં આવે ને પળમાં જાય છે, એ સરવે ચપળ અને ચંચળ જાણવાં.

પ્ર—અચળ શું?

ઉ—પ્રભુનું નામ.

પ્ર—સાર વસ્તુ કઇ?

ઊ—ધર્મ.

પ્ર—અસાર શું?

ઊ—તન, ધન, ને જોબન.

પ્ર—નરકનું દ્વાર કીયું?

ઉ—સ્ત્રી. માટે તેનાથી કોઇ દીવસ રાગ રાખવો નહીં

પ્ર—આંધળો કોણ?

ઊ—અંતરમાં પ્રભુ ભક્તિનું લક્ષ નહીં તે

અને જે મોક્ષ અને બંધન જાણે નહીં તે.

પ્ર—બહેરો કોણ?

ઉ—શિધ્ધાંત વાખ્યાન વીગેરે સુકથા સાંભળે નહીં તે.

પ્ર—મુક એટલે મુંગો કોને જાણવો?

ઉ—અવસર ઉચિત બોલે નહીં તેને.

પ્ર—સકળ જગતની જનની કોણ?

ઉ—દયા. જે સર્વ પ્રાણી ઊપર માતાની પેઠે માયા કરે છે તે.

પ્ર—પાલન કરનાર પીતા કોણ?

ઉ—ધર્મને ચિત વિષે રાખવો તે.

પ્ર—રીપુ કોણ?

ઉ—મોહ.

પ્ર—મીત્ર કોણ?

ઉ—સુખ અને તે દુઃખનો આધાર રૂપ છે તે.

પ્ર—પડીત કોણ?

ઉ—પાપથી ડરે તે.

પ્ર—મુઢ કોણ?

ઉ—હીંસાઆદી પાપ કરે છે. તે.
પ્ર—સુખીઓ કોણ.
ઉ—સંતોષી.
પ્ર—દુખીઓ કોણ?
ઉ—જેને ઘણી ત્રશના છે તે.
પ્ર—અભીત કોણ?
ઉ—જે પુરૂષ વિષયાડતીત છે તે.
પ્ર—મોહોટો ભય કીયો?
ઉ—મરણનો.
પ્ર—જરા કઇ?
ઉ—ભય.
પ્ર—મોટી વેદના કઇ?
ઉ—ક્ષુધા.
પ્ર—ચક્ર કોણ?
ઉ—મન, ઇંદ્રી અને તુરંગ.
પ્ર—કલ્પવૃક્ષ કીયું?
ઉ—સંજમ
પ્ર—ચિંતામણી કોણ?
ઉ—અનુભવી.

પ્ર—કામગવી કોણ?

ઉ—મોટી વિદ્યાવાળો.

પ્ર—ચિત્રાવેલી કઈ?

ઉ—મનમાં ભક્તિ પ્રભુની કરવી તે.

પ્ર—શું સાધ્યાથી દુઃખ જાય?

ઉ—સંજમ સંધ્યાથી અને મોક્ષપદ પામ્યાથી

પ્ર—કાંતનો શો ઉપીયોગ કરવો?

ઉ—જેમ ગંગાજળ નિરમળ છે તેમ જિન વાણી પણ શુદ્ધ છે. માટે તેનું શ્રવણ કરવું.

પ્ર—નયનની શોભા શી?

ઉ— જિન બિંબને દીર્ઘ દ્રષ્ટીથી જોવા. જિન પડીમાને જિનેશ્વર ભગવાન સાક્ષાત બિરાજમાન છે તેમ જાણવું તે.

પ્ર—મુખની શોભા શી?

ઉ—સત્ય વચન ઉચરવું તે તથા જિન ગુણ ગાવા તે.

પ્ર—કરની એટલે હાથની સોભા શી?

ઉ—દાન કરવું તે.

પ્ર—ભુજા બળથી શું કરવું?

ઉ—સંસાર તરવો તે.

પ્ર—હૃદયની સોભા કઇ?

ઉ—નિર્મળ નવપદનું ધ્યાન ધરવું તે.

પ્ર—કંઠનિ શોભા કઇ?

ઉ—પ્રભુના ગુણનું સ્તવન કરવું તે.

પ્ર—ભાલની એટલે કપાળની સોભા શી?

ઉ—સત ગુરૂના ચરણને લાગેલી રજની આ રચા કરવી તે.

પ્ર—ઉપરના કહેલા વિષયનું મંડન શું? અને જગતમાં મોટી જાળ કઇ?

ઉ—મોહને તજવો. અને મોહરૂપી જાળતોડી અક્ષય પદને લેવું.

પ્ર—પાપનું મુળ કોયુ?

ઉ—લોભ.

પ્ર—રોગનું મુળ શું?

ઉ—રસ.

પ્ર—દુઃખનું મુળ કીયુ?

ઉ—સ્નેહ. તેથી તે પુરૂષ દુર રહે તેને ધન્ય છે.
પ્ર—જગતમાં અશુચી વસ્તુ કઇ?
ઉ—પોતાની કાયા.
પ્ર—સુચી કોણ ?
ઉ—જેને માયા તજી તે.
પ્ર—સુધા કઇ?
ઉ—અધ્યાતમની વાણી હ્રદયમાં ધરવી તે.
પ્ર—વિષસમ વસ્તુ કઇ ?
ઉ—કુકથા કરવી તે.
પ્ર—સુસંગ કીઓ?
ઉ—જ્યાં બેઠા હેઇએ ત્યાં પરમારથ કરવો તે.
પ્ર—કુસંગ કીયો?
ઉ—અપલક્ષણ શેવીએ તે.
પ્ર—પતંગનો રંગ કીયો?
ઉ—દુરજનની સાથે સ્નેહ કરવો તે.
પ્ર—મજીઠનો રંગ કીયો જે સદાકાળ નવયો રહે ?
ઉ—સજજનનો સંગ કરવો તે.

પ્ર—ધર્મ તે શું હશે અને ધર્મ શા થકી પામીયે?

ઉ—વસ્તુને સ્વભાવ પામીયે તે ધર્મથકી.

પ્ર—જડનો ધર્મ તે શું?

ઉ—સડણ, પડણ, વિધ્વંસણ હોય તે.

પ્ર—ચેતનનો ધર્મ કેવો છે?

ઉ—અવિનાશી છે.

પ્ર—આત્માનો ધર્મ કેવો છે?

ઉ—જ્ઞાન, દર્શનને ચારીત્ર છે.

પ્ર—તે ધર્મપ્રગટ કરવાને શું કરવું?

ઉ—આતમાને જ્ઞાન, દરશન અને ચારીત્ર વિશે રમણતા કરવી તે થકી ધર્મ પ્રગટ થાય તે.

પ્ર—ધર્મ કોને કહેવો?

ઉ—દયા તથા વિનયને.

પ્ર—દયા તથા વિનય પ્રગટ કરવાનું સાધન શું?

ઉ—વ્રત, નેમ, તથા તપ.

પ્ર—આતમાના કેટલા ભેદ છે?

ઉ—ત્રણ ભેદ છે.

પ્ર—તે કીયા કીયા?

ઉ—૧બહીરાત્મા. ૨અંતરઆત્મા. ૩પરમાત્મા.

પ્ર—બહીર આત્મા એટલે શું?

ઉ—જેજે પુદગળના કામ કરે છે અને પોતે કર્તા પણ માને છે, અથવા ઇશ્વર ને કર્તા પણું ઠરાવે છે તેઅનેને બહીર કહીએ.

પ્ર— શાંશાં કર્તવ્ય કરનારને બહીર આત્મા કહેવો?

ઊ—સંસાર સબંધી જેજે કાર્ય તથા દયા, દાન, પુજા, શેવા તથા સામાયક, પોશા વીગેરે સર્વ કાર્ય કરે તેને

પ્ર—પરમાત્મા કોને કહેવો?

ઉ—જે પુદગળમાં રહ્યા છે તેને.

પ્ર—પરમાત્મા કોને કહેવો?

ઊ—જે સર્વ કર્મ થકી રહીત થયા, જેવું મુળ સત્તાએ સ્વરૂપ હતુ તેવું થયુ, જેવા ગુણ હતા તેવા પર્યાય થયા, તેવારે નિરાકાર, નિરંજન, અવ્યાબાધ, અક્ષય સુખના ભોગી થયા, લોકને અંતે સિદ્ધ ક્ષેત્રમાં સ્થિરપણું પામ્યા,

હવે ફરી થકી જન્મ લેવાનો નથી, લોકાલોક ના ભાસ્કર, સ્વભાવના ભોગી પણે અનંતા કાળ એમજ રહેશે તેને પરમાત્મા જાણવો.

પ્ર—કીયા કર્મના યોગે જીવ નરકને વિષે જાય?

ઉ—જે જીવહિંસા કરનારો હોય, જુઠું બોલનારો હોય, ચોરી કરનારો હોય, પર સ્ત્રી ગમન કરનારો હોય, પાપ પરિગ્રહમાં ઘણોજ આશક્ત હોય, પ્રકૃતિયે ઘણોજ રીશાળ હોય, અહંકારી હોય, ધૃત એટલે કોઇને નમે નહીં તેવો હોય, કપટી હોય, નિષ્ઠુર એટલે કઠોર ચિતવાળો હોય, રૌદ્ર સ્વભાવનો હોય દુર્જન હોય, અતિ પાપની વસ્તુનો સંગ્રહનાર હોય, સાધુની નિંદા કરનારો હોય, નિચ સ્વભાવ વાળો હોય, અસત્ય વચન બોલનાર હોય, દુષ્ટ બુદ્ધિવાળો હોય, અને કૃતઘ્ન હોય એટલે કરેલા ઉપકારને ઓળવનારો હોય, તે જીવ મરીને ઘણા દુ:ખથી અને શોકથી ભરેલા નરકમાં જાય.

પ્ર—સંસારનું બીજ શું ?

ઉ—અજ્ઞાનપણું.

પ્ર—અજ્ઞાનપણું શું કરાવે ?

ઉ—સંસારમાં પરીભ્રમણતા કરાવે, ને ચાર ગતિમાં ભમાવે.

પ્ર—કિયા કર્મને યોગે જીવ સ્વર્ગ, દેવ લોકને વિષે જાય ?

ઉ—જે જીવ તપ, સંયમ અને દાન તેને વિષે રક્ત હોય, પ્રકૃતિયે ભદ્રક પરિણામી હોય, કૃપાળુ (દયાવંત) હોય, અને ગરૂના વચનના વિષે નિરંતર રક્ત હોય. અને ગુરૂના કહ્યા પ્રમાણે ચાલનારો હોય, તે જીવ મરીને સ્વર્ગમાં જાય.

પ્ર—કીયા કર્મને યોગે જીવતિર્યંચપણું પામે?

ઉ—જે જીવ, પોતાના કાર્ય માટે મિત્રની શેવા કરે પછી પોતાનું કાર્ય શિદ્ધ થયા પછી મિત્રને બોલાવે પણ નહી, એવો ક્રુર પરીણામી હોય, તથા ગુઢમતિ વાળો એટલે ( પોતાના

હૃદયની વાત કોઇ આગળ કહે નહીં. ) તે જીવ મરીને તિર્યંચ પણું પામે.

પ્ર—કિયા કર્મને યોગે જીવ મનુષ્યપણું પામે?

ઉ—જે જીવ સરળ ચિત્તવાળો હોય, માન રહિત એટલે નિરહંકારી હોય, ક્ષમાવંત હોય, જીવ ઘાતાદી દોષ રહિત હોય, સુપાત્રને દાન દેનારો હોય, ન્યાયવંત હોય, મુનિરાજના ગુણુના કિર્તન કરનારો હોય તે જીવ મરીને મનુષ્ય પણું પામે.

પ્ર—કિયા કર્મને યોગે સ્ત્રી મરણ પામીને પુરૂષ પણું પામે?

ઉ—જે સ્ત્રી સંતોષવાન હોય, વિનીત હોય, સરળ ચિત્તવાળી હોય, અને સત્ય વચન બોલનારી હોય, તે સ્ત્રી મરીને પુરૂષ પણું પામે.

પ્ર—કીયા કર્મને યોગે પુરૂષ મરણ પામીને સ્ત્રી પણું પામે?

ઉ—જે પુરૂષ ચપલ સ્વભાવી હોય, શઠ હોય, કદાગ્રહી હોય, માયા કપટે કરી સગા

સબંધીને ઠગનારો હોય, અને કોઇનો પણ વીશ્વાસ કરનારો ન હોય, તે પુરૂષ મરણ પામીને સ્ત્રી પણું પામે.

પ્ર—કિયા કર્મયોગે પુરૂષ મરણ પામીને નપુષક પણું પામે?

ઉ—જે પુરૂષ, ઘોડા, બળદ અને બોકડા પ્રમુખ પશુઓને લાંછે, આંક દેવરાવે, નાક વિંધે ગલ કંબલ અને કાન કાપે, તે જીવ સર્વ મનુષ્યોમાં હીણો, અધર્મી જાણવો. તે પુરૂષ મરીને નપુષક પણું પામે.

પ્ર—કીયા કર્મને યોગે જીવ અલ્પાયુષ (થોડા આઉખા વાળો) થાય?

ઉ—જે જીવ નિર્દય મનથી જીવને મારે, સ્વર્ગ, મોક્ષ, પ્રમુખ પરલોકને કિંચિતમાત્ર પણ માને નહીં, અને અતિ સંકિલષ્ઠ વિરૂધ્ધ કર્મોને આચરે તે જીવ પરભવે અલ્પ આયુષ્ય વાળો થાય.

પ્ર—કીયા કર્મના યોગે જીવ દીર્ઘાયુષ (લાંબા આઉખા વાળો થાય?

ઉ—જે જીવ જીવોને ન મારે, દયાવંત હોય, અભયદાન દઇને હૃદયમાં સંતુષ્ટ થાય, હર્ષ આણે, તે જીવ નિશ્ચે પરભવે ઘણા આઉખાન વાળો થાય.

પ્ર—કિયા કર્મે કરીને જીવ ભોગ રહિત થાય એટલે ધન આદિક છતાં પણ ભોગવી શકાય નહી?

ઉ—જે જીવ, જે વસ્તુ આપણી પાસે તૈયાર હોય, તે ન આપે, તથા આપેલો પાછળથી પશ્ચાતાપ કરે. તથા જે આપતો હોય તેને આપતાં વારે, એવા કર્મે કરીને તે ભોગ રહીત થાય. એટલે ઘણા ધને પણ ભોગવી શકે નહીં.

પ્ર—કીયા કર્મે કરીને જીવ ભોગ સહીત એટલે મળેલા ધનાદિકને ભોગવી શકે તેવા થાય?

ઉ—જે જીવ શય્યા, પાટ, સંથારો, આસન, પાટલો, પાંછણું, કાંબળ, વસ્ત્ર, અને ભાત, પાણી, જે મહાત્મા (મુનીને) દેવા યોગ્ય વ-

સ્વી હોય તે હૈયાનિ વાસનાયે કરી સંતુષ્ટ થકો આપે તે જીવ ભોગવંત સુખી થાય.

પ્ર—કીયા કર્મે કરીને જીવ સૌભાગ્યવંત થાય?

ઉ—જે પુરૂષ, પોતાના દેવ, ગુરૂ અને સાધુ મહાત્માનો વિનય કરવામાં તત્પર હોય, તથા જેનું દર્શન શાંત મુદ્રાવાળું હોય, અને કોઇ માં મર્મ સહીત, નિંદા સહીત, શાંત તથા અણ ગમતાં વિરૂધ્ધ વચન ન બોલે તે જીવ સૌ- ભાગ્યવંત હોય.

પ્ર—કિયા કર્મ કરીને જીવ દુર્ભાગી થાય?

ઉ—જેપુરૂષ ગુણ રહિત થકો પણ, ગર્વીત અહંકારી હોય, અને ગુણવંત, ધૈર્યવાન, તપ- સ્વીની નીંદા કરનારો હોય, તથા જે જાતી મદનો કરનાર અહંકારી હોય, અને જિનશા શન વિડંબક હોય તે પુરૂષ દુર્ભાગી થાય.

પ્ર—કીયા કર્મે કરીને જીવ બુદ્ધિમાન થાય?

ઉ—જે પુરૂષ, જ્ઞાન ભણે, સાંભળે, તથા તેના ઉપદેશ અર્થ મનમાં ચિંતવે તથા બીજાઓને

જ્ઞાન ભણાવે, તથા તેમને ધર્મનો ઉપદેશ દે, તથા સિધ્ધાંતની અને સદગુરૂની ભકિત કરે, તે પુરૂષ મરીને બુધ્ધિમાન, ચતુર, ડાહ્યો, અને વિચિક્ષણ થાય.

પ્ર—કીયા કર્મને યોગે જીવ હિન બુધ્ધિ(કુબુધ્ધિ વાળો) થાય.?

ઉ—જે પુરૂષ, તપસ્વી, જ્ઞાનવંત, ગુણવંત પુરૂષ હોય, તેમની અવગણના કરે, અને મોઢેથી એમ કહેકે, એમાં કાંઇ નથી, એમાં શો માલ છે? એ કાંઇ પણ જાણતો નથી, મુરખ છે, એમ અવગણના કરે, તે પુરૂષ અભાગ્યવાન છતાં દુષ્ટ, પાપીષ્ટ, કુબુધ્ધિ વાળો થાય; એટલે બુધ્ધિ રહીત થાય.

પ્ર—કિયા કર્મ કરીને જીવ પંડિત પણું પામે?

ઉ—જેપુરૂષ, વડેરાની સેવા ભકિત કરવામાં તત્પર હોય પુન્ય પાપનો વિચાર જાણવાની ઇચ્છા વાળો હોય, મને શ્રુત સિધ્ધાંતનો તથા દેવ ગુરૂનો ભકત હોય. તે પુરૂષ મરીને પંડિત થાય.

समाप्त

# અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થો
# ના મુબારક નામ

### અમદાવાદ

૨ શેઠ ચંદુલાલ દલસુખરામ
૨ શા. ત્રીકમલાલ ચુનીલાલ
૧ Dayabhai Moholal Seth
૧ શેઠ ચંદુલાલ ભગુભાઇ
૪ શા. હરીલાલ મગનલાલ શ્રી લઘુ આદ્ય જૈન
ધર્મ પ્રવર્તક સભાના સેક્રેટરી
૧ શા. ધોળીદાસ ડુંગરશી
૧ શા. ગોકળભાઇ કેશવલાલ
૧ શા. ફુલચંદ છોટાલાલ
૧ શા. કકલ પાનાચંદ
૧ શા. કાળીદાસ લલુભાઇ વોહોરા
૫ શ્રી જૈન સરસ્વતી સભા તરફથી પ્રેસીડેંટ
હઠીસંગ રાયચંદ
૧ શા. પ્રેમચંદ મનસુખરામ
૧ શા. ફુલચંદ કરમચંદ

### ઇડર

૧ શા ચુનીલાલ સાંકળચંદ

૧ પરી અમથાભાઇ પદમશી
૧ મેતા કાળીદાસ સુરચંદ
૧ શાહ. છગનલાલ ગુલાબચંદ
૧ શાહ ડોસલ રાજકરણ

## વડાલી તાબે છાડર

૧ મેતા રેવાજી ગુલાબચંદ
૧ શા. તલકશી જાદવજી
૧ કોઠારી જીવરાજ મલુકચંદ
૧ મેતા કાળીદાસ કસ્તુર
૧ મેતા કાળીદાસ જેઠા
૧ કદોઇ મોહન કાળીદાસ
૧ મેતા આશારામ ધરમચંદ
૧ મેતા નેમચંદ કેવળ
૧ દોશી નેમચંદ જેઠારામ
૧ કોઠારી પીતાંબર બાદર
૧ દોશી જાદવજી નાહનચંદ
૧ મેતા જાદવજી કસ્તુર
૧ દોશી નાનચંદ રવચંદ
૧ મેતા નેમચંદ ગુલાબચંદ
૧ ગાંધી કહલ આશારામ

૧ દોશી જાદવજી રખચંદ
૧ પરીખ આશારામ ઉગરચંદ.
૧ દોશી પદમશી જવેર
૧ શા અનોપચંદ ભાઇચંદ
૧ મેતા માધેવા ગોતમ
૧ દોશી માધવજી રવાજી
૧ પરી ગોતમચાંદ ઉગરચંદ
૧ મેતા નાનચંદ રાયચંદ
૧ મેતા સાંકળચંદ મોતીચંદ
૧ ભંડારી લલુ સાંકળચંદ
૧ દોશી લખમીચંદ ભાયચાંદ
૧ શા. જાદવજી પદમશી
૧ પરી અમથારામ લખમીચાંદ
૧ શા. જાદવજી ગુલાબચાંદ
૧ પરી નાથુરામ બાદર
૨ મેતા સદવાજી ચતુરચંદ
૩ શેઠીઆ શરૂપચંદ પરમચંદ

બરમાની ખેડ

૧ વોહોરા ઉગરચંદ માનચંદ
૧ મેતા હાથીભાઇ ખેમચંદ
૧ મેતા. ભીગરચંદ હીરાચંદ ગાંમ ધરોઇવાલા.

૧ મેતા. પ્રેમચંદ અખેચંદ.
૧ આટીઆ. માણેકચંદ પદમશી.
૧ મેતા. કાળીદાસ લખમીચંદ.
૧ મેતા. પદમશી સાંકળચંદ.
૧ મેતા. જેઠારામ સાંકળચંદ.
૧ મેતા. કોદર કસ્તુર
૧ મેતા. પાનાચંદ દલસુખ
૧ મેતા. કોદરલાલ સાંકળચંદ
૧ મેતા. રેવજી લાભુ
૧ શા. ચુનીલાલ રવચંદ રહેવાશી જામનગ્રા
૧ મહેતા. મોહન કાળીદાસ
૧ મહેતા. નાનચાંદ રાયચાંદ
૧ ભંડારી. ચુનીલાલ ગોતમ

### દક્ષિણ અહમદનગર

૧ ગાંધી તેજ કરણ વેણીચંદ
૨ સા. માણેકલાલ કચરાદાસ

### પારથડી જીલ્લે દક્ષિણ.

૩ સા. ચુનીલાલ હાથીભાઈ

### દલોલ.

૧ નાયક. કચરા ડુંગર જપતીદારના પટાવાળા
૧ સા. જેઅેચંદ હકમચંદ
૧ સા. હીરાચંદ અભેચંદ

૧ ન મોહન દોલતચંદ
૧ ના. મલુકચંદ હેમચંદ
૧ નાણાવટી. કાશીદાસ મુલચંદ
૧ શા. મગનલાલ અમુલખ
૧ શા. અમથા જીવરાજ દાવડવાળા
૧ શા. મોહનલાલ મગનલાલ
૧ મેતા. મનસુખ શરૂપચંદ

બુરાનપુર

૧ શા. નાનચંદ ગુલાબચંદ

ખોલવડ જીલ્લે સુરત

૧ શા. હીરાચંદ વનાજી

નીપાણી જીલ્લે બેલગામ

૧ દીપાણી. માણેકચંદ જવેર

વિસનગર

૧ માસ્તર દીપચંદ સાંકળચંદ

ભોઇકા થાણા.

૧ દયાલજી કરમચંદ કોઠારી. જપતીદા.

નિકોરા જીલ્લે ભરૂચ

૧ સાહ. બાપુલાલ. વિ. અમરચંદ

મુ જાવાલ જીલ્લે શીરોહી

૫ શા. વનેચંદ પનેલાલજી

બીલીમોરા

૧ ધી જૈન જ્ઞાનવર્ધક લાયબ્રેરી

ધણાદ.

૧ શાહ. ટોકરસી. વિ. ડાહ્યાભાઇ

કચ્છ માંડવી

૬ શેઠ. લાલચંદ પાનાચંદ

કડી

૨ શા. પરશોતમ વનમાળી

૧ સંગવી. ચુનીલાલ જોઇતારામ

૧ મોદી. કુબેર ધરમચંદ

૧ ગાંધી. પરસોતમદાસ ધરમદાસ

૧ દોશી. કાળીદાસ ચીકા

ખેડા

૧૧ શ્રી જૈનોદય સભા તરફથી શેઠ
સોમચંદ પાનાચંદ

સરવા

૧ વોહોરા. ચત્રભુજ રાઇચંદ

આમોદ

૧ ત્રીભોવનદાસ ગુલાબચંદ

લાડોલ

૧ ચુનીલાલ દલીચંદ

રાજકોટ.

૨ દોશી. ગોવીંદજી સવજી ભાઇ

## માંડલ

૧ જવેરી. ભોગીલાલ દોલતચંદ

## થરા

૧ શા. પુરૂશોતમ નથુ

## સારસપુર

૨ શા. મણીલાલ

## કચ્છ નળીઆ

૧ શાહ. હીરજી નાગશી

## કરાંચી બંદર

૨ સાહ. પ્રાગજી નરસીંહદાસ
૧ શાહ. મેઘજી તલકશી

## પારોલા જીલ્લે ખાનદેશ.

૫ શાહ ઘેલાભાઇ શીવજી

## બોરસદ.

૫ બોરસદ જૈનબાળ સુબોધ સભા.

## જલ ગામ ખાનદેશ.

શા. રામચંદ જીવરાજ

## મુબાઇ બંદર

જવેરી અમીચંદજી પનાલાલજી

## પેથાપુર જીલે ગુજરાત

૩૦ શા. સરૂપચંદ પુનમચંદ.

# આ પુસ્તક મળવાનું ઠેકાણું

અમદાવાદ-શેઠ હરીલાલ મુલચંદ અમદાવાદી
ઠેકાણું. રતનપોળમાં શેઠનીપોળમાં
બુકસેલર. કેશવલાલ જેઍચંદ ઠેકાણું
રીચીરોડ દુ. નં ૯૯

વીશનગર-માસ્તર દીપચંદ સાંકળેચંદ

ધોળાજંકશન-ગાંધી માણેચંદ માણેકચંદ ત્રભોવન
દાસ

જયાં જયાં જૈન સભાઓ હશે તેના પ્રેશીડે
ન્ટ પાસેથી મળશે.